Post Regn G/JND/24
Valid Up To 31-12-2026
RNI Regn. No. 27509/67
Email-saurashtrabhoomi@gmail.com
www.saurashtrabhoomi.com



જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય | સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

વિજયા દશમીની હાર્દિક શુભેચ્છાઓ

વર્ષ : ૪૮ અંક : ૨૫૮ જૂનાગઢ તા.૧૨-૧૦-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 258, Junagadh : Date : 12 October, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## દૂર્બળ - અસંગઠીત રહેવું એ અપરાધ, હિન્દુઓ સંગઠીત બને : મોહન ભાગવત



નાગપુર, તા.૧૨: મહારાષ્ટ્રના નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલયમાં વિજયાદશમીનો કાર્યક્રમ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. આ ખાસ પ્રસંગે સ્વયંસેવકોએ શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. સંઘના વડા મોહન ભાગવતે શસ્ત્ર પૂજન કર્યું હતું. વિજયા દશમીના અવસર પર સંઘ પ્રમુખ મોહન ભાગવતે આજે સ્વયંસેવકોને સંબોધિત કર્યા હતા. પોતાના સંબોધનમાં ભાગવતે સમગ્ર વિશ્વના હિંદુઓને એક થવાની અપીલ કરી હતી. બાંગ્લાદેશમાં હિંદુઓની સ્થિતિ અને ભારત વિરુદ્ધ ફેલાવવામાં આવી રહેલ કથા વિશે જણાવતા તેમણે કહ્યું કે, 'આજના સમયમાં નબળા અને અસંગઠિત હોવું એ ગુનો છે, તેથી પોતાને બચાવવા માટે સંગઠિત રહેવું જરૂરી છે.' હિન્દુઓ સંગઠીત બને તેમ તેમણે જણાવ્યું હતું.

વાર્ષિક સંબોધન દરમિયાન સંઘ પ્રમુખ દેશના અનેક મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. વિજયાદશમીના શુભ અવસર પર દેશના કરોડો સ્વયંસેવકોએ શસ્ત્રપૂજા કરી હતીઈસરોના ભૂતપૂર્વ વડા રાધાકૃષ્ણન આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આરએસએસની સ્થાપના ૧૯૨૫માં ડૉ. કેશવ બલિરામ હેડગેવાર દ્વારા દશેરાના દિવસે કરવામાં આવી હતી. દર વર્ષે સંઘના સ્વયંસેવકો વિજયાદશમીના તહેવારને ખૂબ જ ધામધૂમથી અને ઉત્સાહ સાથે ઉજવે છે. સંઘનો આ સૌથી મહત્વપૂર્ણ કાર્યક્રમ છે. મોહન ભાગવતે વિજયાદશમીના અવસર પર પોતાના સંબોધનમાં ઘણા સમકાલીન મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. પોતાના ભાષણમાં ઈઝરાયલ-હમાસ યુદ્ધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ યુદ્ધે સમગ્ર વિશ્વમાં ચિંતા વધારી છે અને આ આગ હજુ કોને દઝાડશે તે કહેવું મુશ્કેલ છે. ભાગવતે આ સંઘર્ષને વૈશ્વિક સ્તરે અસ્થિરતાનું પ્રતિક પણ ગણાવ્યું હતું.

### રાજ્ય સરકાર દ્વારા પ્રસ્તાવ પર થઈ રહેલી વિચારણા

## બિનખેડૂતોને પણ ખેતિની જમીન ખરીદવાની મંજુરી અપાશે

ગાંધીનગર તા.૧૨: ટૂંક સમયમાં, ગુજરાતમાં ખેતીની જમીન પર ખેતી કરવા ઈચ્છુક બિન-ખેતી કરનારાઓ માટે જમીન અવરોધ બની શકશે નહીં. રાજ્ય સરકાર બિન-ખેડૂતોને ખેતીની જમીન ખરીદવાની મંજૂરી આપવાના પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે, જો કે, જમીનનો ઉપયોગ ખેતીના હેતુ માટે જ કરવાનો રહેશે. હાલમાં, ખેડૂતો તરીકે નોંધાયેલા લોકો જ ખેતીની જમીન ખરીદી શકે છે.

દરખાસ્ત અમલમાં આવે તો તેનાથી રાજ્યમાં ખેતીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે એટલું જ નહીં પરંતુ બોગસ ખેડૂતોના નામે કરવામાં આવેલા શંકાસ્પદ જમીન વ્યવહારો પર પણ અંકુશ આવશે.

જ્યારે સરકાર આ પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે ત્યારે તે ખેતીની જમીનની સાથે ખેડૂતોના હિતને પણ સુરક્ષિત રાખવા માંગે છે. જમીન-માલિકી ધરાવતા ખેડૂતો અન્ય લોકો સાથે અમુક પ્રકારનું સંયુક્ત સાહસ કરી શકે છે જે તેમને ભંડોળ પૂરું પાડી શકે છે. બિન-ખેડૂતોને સીધી વેચવામાં આવેલી ખેતીની જમીનનો ઉપયોગ માત્ર ખેતીના હેતુ માટે જ કરવામાં આવશે અને વ્યાપારી માટે નહીં, અધિકારીએ સ્પષ્ટતા કરી. હાલમાં, બિન-ખેડૂતો માત્ર 'નોન-એગ્રીકલ્ચર (NA)' ટાઈટલ ક્લિયરન્સ સાથે જ જમીન ખરીદી શકે છે. આ જમીનને પછી વ્યવસાયિક રીતે વિકસાવી શકાય છે. રાજ્યમાં ખેતીની ઘણી જમીનો પ્રીમિયમ ભાવે વેચવામાં આવી છે અને વ્યાપારી રીતે વિકસાવવામાં આવી છે. આના પરિણામે ખેતીની જમીનમાં ઘટાડો થયો છે અને બદલામાં, કળષિ ઉત્પાદનોની અછત છે. દરમિયાન, જમીન સુધારણા અંગેની સીએલ મીના સમિતિનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવ્યો છે અને અમલીકરણની રાહ જોઈ રહી છે.

### દેશભરમાં દશેરાની ભવ્ય ઉજવણી :

## ગાંધીનગરનાં રૂપાલ ગામની પલ્લીમાં ઘીની નદીઓ વહી



ગાંધીનગર તા. ૧૨

આજે દેશભરમાં દશેરાની ઉજવણી થઈ રહી છે. આજે સાંજે ઠેરઠેર રાવણ દહનનાં કાર્યક્રમો યોજાશે. ગાંધીનગરના રૂપાલ ગામમાં આવેલા સુપ્રસિદ્ધ વરદાયિની માતાજીની પલ્લી ભરવાની પાંડવકાળથી ચાલી આવતી પરંપરા આજે પણ જીવંત છે. રૂપાલ ગામમાં નવમા નોરતાની રાત્રે માતાજીની પલ્લી ભરવામાં આવી હતી. જેમાં ભક્તો દ્વારા હજારો કિલો ઘીનો અભિષેક કરાતા રૂપાલ ગામના રસ્તાઓ પર ઘીની નદીઓ વહેતી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા. શ્રદ્ધાળુઓ બાળકો માટે વરદાયિની માતાજીની માનતા રાખતા હોય છે. જે પૂર્ણ કરવા માટે નવમા નોરતાની રાત્રે પલ્લી પર ઘીનો અભિષેક કરી માનતા પૂર્ણ કરતા હોય છે. રૂપાલમાં વર્ષોની પરંપરા મુજબ આસો સુદ નોમના દિવસે માતાજીની પલ્લી નીકળી હતી. જેમાં ભક્તો દ્વારા માતાજીને ચોખ્ખા ઘીનો અભિષેક કરવામાં આવ્યો હતો. રૂપાલ ગામમાં પલ્લી નીકળી ત્યારે શેરીઓમાં ઘીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાય હતા. ભક્તોની ભીડ વચ્ચે વરદાયિની માતાના જયઘોષથી ગગન ગુંજી ઉઠ્યું હતું. પલ્લીની ખાસ વિશેષતાઓમાં ઘીના અભિષેકનું મહત્વ છે. લાખો શ્રદ્ધાળુઓ દ્વારા લાખો લીટર ઘી પલ્લી પર ચઢાવવામાં આવ્યું હતું. માનતામાં માનેલું ઘી પલ્લી પર ચઢાવવામાં આવે છે. રૂપાલ ગામમાં ૨૭ ચકલા પર પલ્લી ઉભી રહીને પલ્લી પર ઘી ચડાવે છે. જ્યાંથી પલ્લી પસાર થાય ત્યાં ઘીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાય છે. પલ્લી એટલે માતા માટે લાકડાનો ઘોડા વગરનો રથ. સૌથી પહેલા પાંડવોએ સોનાની પલ્લી બનાવી હતી. ત્યાર બાદ પાટણના રાજા સિદ્ધરાજે ખીજડાના લાકડામાંથી પલ્લી બનાવી હતી.હાલ રૂપાલની પલ્લી બનાવવા માટે બ્રાહ્મણ, વણિક પટેલ, સુથાર, વણકર, વાળંદ, પીજારા, ચાવડા, માળી, કુંભાર વગેરે જેવી અઢાર કોમ સાથે મળીને બનાવે છે.

## તમામ સરકારી કર્મચારીઓ માટે ફરજીયાત હેલ્મેટનો નિયમ આવશે

ગાંધીનગર તા. ૧૨

ગુજરાત હાઈકોર્ટે રાજયમા દ્વિચક્રી વાહન ધારકોને સલામતી માટે હેલ્મેટ ફરજીયાતનાં કરવાનાં નિયમોનો અમલ કરવા રાજય સરકાર પર દબાણ વધાર્યું છે. હાઈકોર્ટ ઈચ્છે છે કે લોકો ખાસ કરીને કોઈ અન્ય સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ભારે ટ્રાફીક સહીતના ક્ષેત્રમાં દ્વિચક્રી વાહન ચાલકો હેલ્મેટ પહેરે તો અકસ્માત સમયે તેઓનાં જીવન બચી શકે છે.


ગંભીર ઈજા પણ અટકે છે તેથી જ હવે આ માટે હાઈકોર્ટમાં કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાત કર્યા છે. તો રાજય સરકાર હવે તેનાં તમામ કચેરીઓનાં કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાતનો નિયમ અમલમાં મુકી શકે છે. સરકારની તમામ કચેરીઓ સરકારી નિગમો અને સરકારી શાળાઓ-ગ્રાન્ટેડ શાળાઓને પણ તેમાં આવરી લેવાશે. હાઈકોર્ટ જે દ્વિચક્રી વાહન ચાલકે હેલ્મેટ ન પહેર્યા હોય તે આપોઆપ માર્ગ પરનાં સીસીટીવીમાં ઝડપાય જાય અને તેની ઈ-ચાલાન મળે તે જોવા પણ સરકારને જણાવ્યું છે. ગુજરાત હાઈકોર્ટે હેલ્મેટ મુદ્દે સરકારને અનેક વખત નિયમનો અમલ કરવા તાકીદ કરી છે. અને ટકોર પણ કરી છે કે ગંભીરતા સમજયા પછી પણ કોઈ હેલ્મેટ પહેરવા માગતુ નથી અને સરકાર પણ તેમાં ગંભીર નથી.

### સમાચાર રાઉન્ડ અપ

- નવરાત્રી દરમ્યાન ગુજરાતમાં રૂા.૩૦૦૦ કરોડનાં વાહનો વેચાયા
- સોના-ચાંદીના ભાવમાં આગઝરતી તેજી : ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂા. ૭૮,૫૦૦, ૧ કિલો ચાંદીનાં ૯૧,૫૦૦
- પાકિસ્તાનથી ૧૫૦ આતંકવાદીઓ ભારતમાં ઘુસવાની ફિરાકમાં : બીએસએફ
- કેન્દ્ર સરકારની તિજોરી છલકાઈ : ચાલુ નાણાંકીય વર્ષમાં ભારતની પ્રત્યક્ષ કર વસુલાત ૧૮ ટકા વધીને રૂા.૧૧.૨૫ લાખ કરોડે પહોંચી
- એલન મસ્કે દુનિયાની સૌપ્રથમ રોબો ટેકસી લોન્ચ કરી : ડ્રાઈવર વિના ચાલે છે

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

વરૂણ
દર્દ નિવારક તેલ
કષ્ટહર તેલમ્
● કમરનો દુ:ખાવો ● સાંધાનો દુ:ખાવો
● ગરદનનો દુ:ખાવો
● માસ પેશીઓનાં દુ:ખાવામાં અસરકારક
વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે
દિનેશ એજન્સીઝ
આઝાદ ચોક, જૂનાગઢ
સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭

દશેરાની હાર્દિક શુભેચ્છા....
PLASTIWOOD INDIA
SOLID PVC MODULAR FURNITURE
પ્લાસ્ટીવુડ ઈન્ડીયા
યુનિક-કોર્પોરેટ ફર્નિચરનો શો-રૂમ



● કીચન ● બેડરૂમ
● લીવીંગરૂમ ● ઓફીસ
● સ્પેશ્યલ નિડ બેઈઝ ફર્નિચર
૧૦૦% વોટર અને ઉધઈ પ્રુફ ઈકો-ફ્રેન્ડલી
એક વખત અમારા શો-રૂમની રૂબરૂ મુલાકાત લો
સોરઠનાં શહેરોમાં ડિલરશીપ માટે સંપર્ક કરો
શ્યામ ચેમ્બરની સામે, દાતાર રોડ, જૂનાગઢ.
મો. ૯૯૦૪૬ ૭૬૦૦૭




સતત ૩૫ વર્ષથી આપની સેવામાં
જલારામ
દિપકભાઈ રૂપારેલીયા
૯૯૨૫૩ ૯૯૨૫૫
૯૪૨૭૭ ૪૧૪૨૪
ફરસાણ & ડેરીફાર્મ
પ્રો. મનસુખભાઈ રૂપારેલીયા
એમ. જી. રોડ, રાણાવાવ ચોક, તાલુકા શાળા સામે, જૂનાગઢ.



દશેરાના દિવસે આખો દિવસ લાઈવ ફાફડા ગાઠીયા તથા એલાઈચી યુકત જલેબીતો ખરીજ...

દશેરાના તહેવાર નિમિત્તે ફરસાણ તથા મીઠાઈના ભાવમાં જંગી ઘટાડો
સાથે ફરસાણ તથા મીઠાઈમાં વિશાળ વેરાયટીઓ મળશે...



મીક્ષ મીઠાઈ – રૂા.૨૦૦
માવાની મીઠાઈ – રૂા. ૨૮૦
દૂધની મીઠાઈ – રૂા. ૩૬૦

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે વિજયા દશમી (દશેરા)ની ઉજવણી







જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આસો માસની નવરાત્રીની આસ્થાભેર અને ભારે ઉમંગથી ઉજવણી કરવામાં આવી છે. માતાજીની આરાધના સાથે ભક્તિમય માહોલ રહયો હતો. નવ-નવ દિવસ સુધી શક્તિની આરાધનાના પર્વને ઉમંગભેર મનાવવામાં આવ્યું હતું.

નવરાત્રીનું ભક્તિમય માહોલમાં સમાપન થયું છે અને દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.

આસો નવરાત્રીનો ગત તા.૩-૧૦-૨૦૨૪થી પ્રારંભ થયો હતો અને ગઈકાલે નોરતાનો છેલ્લો દિવસ હતો. જૂનાગઢ શહેર અને જીલ્લામાં નવરાત્રી મહોત્સવની ભક્તિભાવ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં ૩૦૦થી વધારે ગરબીઓ દ્વારા નવરાત્રી મહોત્સવ દરમ્યાન બાળાઓનાં રાસ-ગરબાના કાર્યક્રમો યોજાયા હતા. રાત્રીનાં નિર્ધારીત સમયે ગરબી મંડળનાં ચોકમાં માતાજીની ગરબી પધરાવી અને સ્તુતી, આરતીનો કાર્યક્રમ યોજાયા બાદ બાળાઓનાં રાસના કાર્યક્રમો યોજાયા હતા અને નવરાત્રીનાં આ દિવસો દરમ્યાન માતાજીનાં ગરબા, રાસ, દુહાની રમઝટ બોલી હતી. નવ-નવ દિવસની નવરાત્રીની ઉજવણી બાદ આજે વિવિધ ગરબી મંડળોમાં ઈનામ વિતરણના કાર્યક્રમો સાથે ફાઈનલ રાસ ગરબાનું પણ આયોજન થયું છે તો બીજી તરફ આજે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.

આજે વિજયા દસમી દશેરા પર્વના દિવસે ખાસ કરીને મીઠાઈ અને ફાફડા-જલેબી અને વિવિધ આઈટમોનું મહત્વ હોય તેને લઈ ફરસાણ અને મીઠાઈના તાવડા ઠેકઠેકાણે શરૂ થયા છે. તેમજ મોટા મંડપો બાંધી અને મીઠાઈ અને ફરસાણનું વેચાણ કરવામાં આવી રહેલ છે અને લોકો પણ ઉત્સાહભેર જલેબી-ગાંઠીયા તેમજ દુધ અને મલાઈની વિવિધ વાનગીઓની હોંશે હોંશે ખરીદી કરી રહ્યા છે. આજે માતાજીનો ગરબો પણ પધરાવવાનો હોય તે ગરબામાં મીઠાઈ પણ ધરવામાં આવતી હોય છે. આજે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે.

## જૂનાગઢમાં પોલીસ હેડક્વાર્ટર ખાતે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૧૨

આજે વિજયાદશમી દશેરાનું પર્વ હોય, જેને ઉત્સાહમય રીતે મનાવવામાં આવી રહેલ છે. દશેરાના દિવસે શસ્ત્રપૂજા પણ કરવામાં આવતી હોય, જ્યારે આજે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના હસ્તે પોલીસ હેડકવાર્ટર ખાતે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્ત વિધી સાથે શસ્ત્રપૂજન વિધી કરવામાં આવી હતી.

## જૂનાગઢમાં આજે રાત્રે રાવણદહનનો કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ શહેરમાં આજે દશેરા નિમિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાવણદહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આનંદદીપ ગરબી મંડળ દ્વારા સતત ૨૫મા વર્ષે પણ રાવણદહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આજે ૨૫ ફુટ ઉંચા દસ મસ્તક ધરાવતા રાવણનું દહન કરાશે. દિપાંજલી-૨ ખાતે આવેલા ઓમકારેશ્વર મહાદેવ મંદિરની પાસેના મેદાનમાં આજે રાત્રીના ૧૦ કલાકે રાવણદહનનો કાર્યક્રમ યોજાશે. અને રાવણ દહન કરીને વિજયોત્સવ મનાવવામાં આવશે.

## વિસાવદરના કાલસારી ગામના વૃધ્ધનો આર્થિક સંકડામણથી આપઘાત

જૂનાગઢ,તા. ૧૨:

સમગ્ર સૌરાષ્ટ્રમાં આપઘાતના બનાવોમાં ભારે ઉછાળો આવ્યો છે. આર્થિક સંકડામણથી કાલસારી ગામના વૃધ્ધને આત્મહત્યા કરી લેતા અરેરાટી પ્રસરી ગઇ હતી. વિસાવદર તાલુકાના કાલસારી ગામે રહેતા રતિભાઇ મોહનભાઇ ગેવરીયા (ઉ.વ.૬૫) નામના વૃધ્ધે આર્થિક સંકડામણથી કંટાળી જઈને ઝેરી ટીકડા ખાઇને આપઘાત કરી લેતા પોલીસે આગળની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## શ્રી સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજ - જૂનાગઢ દ્વારા શસ્ત્રપૂજનનો કાર્યક્રમ





જૂનાગઢ તા.૧૨

વિજયા દશમી દશેરા પર્વને અનુલક્ષીને શ્રી સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજ-જૂનાગઢ દ્વારા શસ્ત્રપૂજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આજે સવારે ૮.૩૦ કલાકે નિલકંઠ પાર્ટી પ્લોટ, ઝાંઝરડા ચોકડી, બાયપાસ જૂનાગઢ ખાતેથી પરંપરાગત પોશાકમાં સૌ રેલી સ્વરૂપે નીકળ્યા હતા અને ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચી અને ત્યાં ગ્રાઉન્ડમાં શાસ્ત્રોક્ત વિધી મુજબ શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રી સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


(તસ્વીર : જયેશ મહેતા)

## શ્રી રાજપૂત સેવા સમાજ દ્વારા સાંજે ૪ કલાકે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ

જૂનાગઢ તા.૧૨

આજે વિજયાદશમી દશેરાનું પર્વ હોય, ત્યારે શસ્ત્રપૂજનના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શ્રી રાજપૂત સેવા સમાજ દ્વારા રાધાનગર ખાતે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાશે અને પરંપરાગત પહેરવેશ ધારણ કરી અને બપોરના ૪ કલાકે શાસ્ત્રોકત વિધી સાથે શસ્ત્રપૂજન કરવામાં આવશે.

## ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત- ૨૦૮૦નું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાતના સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાને ઉજાગર કરતા ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૮૦નું વિમોચન કર્યુ હતું. રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષ પોતાની આગવી પરંપરા અનુસાર 'ગુજરાત દીપોત્સવી અંક' પ્રસ્તુત કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત દીપોત્સવી-૨૦૮૦માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચક મિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક વિચારો, કાવ્યો, નવલિકાઓ, વિનોદિકાઓ, નાટિકાઓ સાથેનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે. આ અંકમાં ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડયા, ડો. કુમારપાળ દેસાઈ, જોરાવરસિંહ જાદવ, રઘુવીરભાઈ ચૌધરી, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુક્લ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ દીપોત્સવી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ દળદાર અંક ૩૦ અભ્યાસલેખો, ૩૮ નવલિકાઓ, ૧૫ વિનોદિકાઓ, ૯ નાટિકા અને ૯૬ જેટલી કાવ્ય રચનાઓથી સંપન્ન છે. સાથેસાથે પ્રકૃતિ, લોકજીવન અને માનવીય સંવેદનાઓને અભિવ્યક્ત કરતી ૫૮ જેટલી રંગીન તસવીરો અને મનમોહક ચિત્રો આ અંકને વધુ નયનરમ્ય બનાવે છે. આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી અને એમ.કે.દાસ, નાણાં વિભાગના અગ્ર સચિવ ટી.નટરાજન, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અવંતિકા સિંઘ, માહિતી નિયામક કે. એલ. બચાણી સહિત માહિતી ખાતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## જૂનાગઢમાં ચોરી કરેલ બે મોટરસાઈકલ તથા આઠ મોબાઈલ સાથે એક શખ્સ ઝડપાયો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાંથી ચોરી કરેલ બે મોટરસાઈકલ તથા આઠ મોબાઈલ ફોન સાથે એક શખ્સને પોલીસે ઝડપી લઈ તેની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.બી. કોળીનીસુચના મુજબ ગુના નિવારણ સ્કવોડના પીએસઆઈ જે.આર. વાજા તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા એ દરમ્યાન એવી બાતમી મળી કે એક ઈસમ ચોરીની મોટરસાકઈલ સાથે કાળવા ચોકથી આઝાદ ચોક તરફ આવી રહેલ છે જે હક્કિતના આધારે વોચમાં રહેતા એક ઈસમ મળી આવેલ તેની પુછપરછ કરતા અને તપાસ કરતા તેની પાસેથી એક મોટરસાઈકલ રૂા.૨૫ હજાર કિંમતનું તેમજ મોબાઈલ વગેરે મુદ્દામાલ મળી આવ્યો હતો. આ આરોપીની વધુ પુછપરછ કરતા અન્ય મોટરસાઈકલ તેમજ મોબાઈલની ચોરીનો ભેદ ઉકેલાયો હતો. રોહેજ ખાન ઉર્ફે કાલી મહેબુબખાન પઠાણ (ઉ.વ.૨૪) રહે.જૂનાગઢ, બિલખા રોડ, ધરાનગર નજીકના કબ્જામાંથી અને તેના રહેણાંક મકાનેથી ચોરાઉ મુદ્દામાલ ઝડપી લીધો હતો. કુલ બે મોટરસાઈકલ તથા આઠ મોબાઈલ ફોન સાથે આ શખ્સને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિસાવદરના કાલસારી ગામે વૃધ્ધે ઝેરી દવાના ટીકડા પી લેતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

વિસાવદરના કાલસારી ગામે રહેતા વૃધ્ધે આર્થિક સંકળામણના લીધે ઝેરી દવાના ટીકડા પી લેતા મોત નિપજયાનું વિસાવદર પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે રમણીકભાઈ રતીભાઈ ગેવરીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પિતા રતિભાઈ (ઉ.વ.૬૫)વાળાઓએ આર્થિક સંકળામણના લીધે કંટાળી ઝેરી દવાના ટીકડા પી જતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢ : મહિલાઓ સામે બિભત્સ ચેનચાળા કરતો યુવાન ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ પરથી મહિલાઓ સામે બિભત્સ ચેનચાળા કરતા યુવાનને બી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન ઝાંઝરડા રોડ પર આવેલ ખાખીનગરના નાકે ઉભી મહિલાઓ સામે બિભત્સ ચેનચાળા કરતા લતીફ ઉર્ફે નતીમ મહોબતભાઈ ચૌવટને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢના મધુરમ વિસ્તારમાંથી ૧૨ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢના મધુરમ નજીક આવેલ યોગીપાર્ક સોસાયટીમાં શખ્સને વિદેશી દારૂની ૧૨ બોટલો સાથે સી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસે મધુરમ વિસ્તારમાં આવેલ યોગી પાર્ક સોસાયટીવાળી ગલીમાંથી દિવ્યેશ બટુક પિત્રોડાને થેલામાં રાખેલ વિદેશી દારૂની ૧૨ બોટલ કિ.રૂા.૧૨૦૦ સાથે ઝડપી લઈ પુછપરછ કરતા આ દારૂ દેવરખી વાંદા રબારી પાસેથી લીધો હોવાનું ખુલતા પોલીસે બંને આરોપીઓ વિરૂધ્ધ પ્રોહીબીશન અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**રોયલ ગેસ સ્ટવ**

૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G.
ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ

**રોયલ ગેસ સ્ટવ**


એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે

માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે,
મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

**સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ**
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
નવરાત્રી માટે ખાસ...
નવરાત્રી માટે ખાસ...
ગાયનું તાજુ ઘી આવી ગયું છે
તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે
તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે
આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**આઈસ્ક્રીમ**
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# વિકાસ સપ્તાહ અંતર્ગત 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' અંતર્ગત યુનિ.નાં વિદ્યાર્થીઓ અને કુલપતિ સહિત અધ્યાપકગણે કર્યા શપથ ગ્રહણ





જૂનાગઢ, તા.૧૨

ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીનાં નેતૃત્વમાં વિવિધ સંકલ્પો થકી વિકાસમાં ભાગીદારી માટે પ્રતિબદ્ધતા દર્શાવી યુનિ.નાં કાર્યકારી રજીસ્ટ્રાર ડો. ડી.એચ.સુખડીયા સહિત વિવિધ ફેકલ્ટીનાં અધ્યક્ષશ્રીઓ, યુનિ.નાં અધયક્ષપકગણ, વહીવટી સ્ટાફ, ૧૧ જેટલા ભવનોનાં વિદ્યાર્થીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈને દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ અને જતન, બંધારણીય મૂલ્યોનું જતન કરવા, ભારતની એકતા અને અખંડિતતા માટે સદાય પ્રતિબદ્ધ રહેવા સહિતના સંકલ્પો થકી દેશના વિકાસમાં ભાગીદારી માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

અત્રે. ઉલ્લેખનિય છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજયની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે ભકતકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં આજે યુનિ. પરિવારે ભારત વિકાસ પ્રતિજ્ઞા દ્વારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ અને જતન, બંધારણીય મૂલ્યોનું જતન કરવા, ભારતની એકતા અને અખંડિતતા માટે સદાય પ્રતિબદ્ધ રહેવા સહિતના સંકલ્પો થકી દેશના વિકાસમાં ભાગીદારી માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.આ પ્રસંગે ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી બાપુ, ભારતિય જનતા પાર્ટીનાં શહેર અધ્યક્ષ પૂનિતભાઈ શર્મા, અગ્રણીશ્રી શૈલેશભાઈ દવે. નિરવભાઈ પૂરોહિત,સિતાબેન દવે સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનાં પ્રારંભે અતિથીઓને સાંસ્કૃતિક વિભાગનાં અધ્યક્ષ ડો. રૂપલબેન ડાંગરે વિકાસ સપ્તાહ ઉજવણીની વિભાવના રજુ કરી હતી.કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગનાં વડા પ્રો.(ડો.) ભાવસીંહ ડોડીયાએ પ્રતિજ્ઞાપત્રનું વાંચન કરી સૌને પ્રતિજ્ઞા લેવડાવી હતી. કાર્યક્રમનું સુચારૂ સંચાલન ડો. રાજેશ રવિયાએ સંભાળ્યુ હતુ.

# જીલ્લા કલેકટર અનિલ રાણાવસિયાએ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસે વિદ્યાર્થીનીઓ સાથે પ્રેરક સંવાદ કર્યો

**દીકરી વધામણા કીટ અને વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમોનુ વિતરણ કરાયું : વિશિષ્ઠ સિદ્ધિ મેળવેલ બાલિકાનું બહુમાન**



જૂનાગઢ, તા.૧૨

જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને વિકાસ સ્પતાહ અંતર્ગત આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના હેઠળ વિવિધ શાળાની દીકરીઓ દ્વારા બાલિકા દિવસ અને દીકરીના મહત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત વિશિષ્ઠ સિદ્ધિ મેળવેલ બાલિકા નું સન્માન કરવામાં આવ્યું હતુ. આ સાથે દીકરી વધામણા કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જૂનાગઢ જિલ્લા કલેકટર કચેરી ખાતે આયોજિત આ કાર્યક્રમાં કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ બાલિકાઓએ સાથે સંવાદ પણ સાધ્યો હતો. વિદ્યાર્થીનીઓએ પણ જુદા-જુદા પ્રશ્નો રજુ કર્યા હતા. તેના અનુસંધાને જિલ્લા કલેક્ટરે વિદ્યાર્થીઓ સાથે પ્રેરક સંવાદ કર્યો હતો. ઉપરાંત રમત-ગમત ક્ષેત્રે પોતાના અનુભવો અને સિદ્ધિ, પોતાના ધ્યેય વિષે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ તકે વ્હાલી દીકરી યોજનાના મંજુરી હુકમ વિતરણનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કલેકટરશ્રી અનીલ રાણાવસિયાએ દીકરીઓને દરેક ક્ષેત્રે આગળ વધવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે તેમણે બાલિકાઓને કહ્યું કે, સ્વમાન માંગવું નહિ, પણ પોતાનું સ્વમાન જાતે મેળવવા પ્રયત્નોશીલ રહેવું જોઈએ. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી. સોજીત્રા તેમજ દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી બી.ડી.ભાડ, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા, જિલ્લા રમત વિકાસ અધિકારી, ગૌરાંગ નરે તથા શિક્ષકગણ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ તમામ વ્યકિતઓએ વિકાસ સપ્તાહ શપથ અને ફિલ્મ નિદર્શન - વિકાસ સપ્તાહની નિહાળી હતી.

# સાવજ ડેરીએ પશુપાલકો દ્વારા ભરેલા દૂધ ઉપર ૬.૫૦ કરોડ રૂપિયા બોનસનું વિતરણ

જૂનાગઢ, તા.૧૨

જુનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાના પશુપાલકોની સહકારી સંસ્થા, શ્રી સાવજ જૂનાગઢ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સાવજ ડેરી) ની તાજેતરમાં યોજાયેલ વર્ષ ૨૦૨૩-૨૪ની ૧૫ મી વાર્ષિક સાધારણ સભામાં સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા દ્વારા પશુ પાલકોએ ભરેલા દૂધનું બોનસ આપવાની જાહેરાત કરી છે જે કુલ છ કરોડ પચાસ લાખ જેટલું થાય છે. સાવજ ડેરી દ્વારા તેની સાથે જોડાયેલા પશુપાલકોને વર્ષ ૨૦૨૩-૨૪ માં ભરેલા દૂધ મુજબ પ્રતિ કિલો ફેટના અંદાજિત ૧૧/- રૂ. જેટલું બોનસ મળવા પાત્ર રહેશે.

સાવજ ડેરીએ જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લામાં કુલ ૫૧૫ જેટલી ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ મારફત પ્રતિ દિવસ સરેરાશ ૨.૧૭ લાખ લિટર દૂધ સંપાદન કરે છે. તેમજ પશુપાલકોની સમૃધ્ધિ માટે સતત અવનવી યોજનાઓની અમલવારી કરે છે. સાવજ ડેરી દ્વારા નફાકારક પશુપાલન માટે દૂધના પોષણક્ષમ ભાવો ચુકવવામાં આવે છે તે ઉપરાંત પશુપાલકોને વ્યાજબી દરે પશુ દાણ, ઉચ્ચ ગુણવતાનું ઘાસ ચારાનું બિયારણ, સરકાર મારફત પશુપાલનની વિવિધ યોજનાઓ વગેરે પૂરૂ પાડવામાં આવે છે. સાવજ ડેરી દ્વારા ગ્રામ્ય કક્ષાએ પશુપાલકોને તેમના પશુઓની સારવારની સુવિધા મળી રહે તે માટે પશુ સારવાર કેમ્પોનું પણ આયોજન કરવામાં આવે છે. આમ સાવજ ડેરી એ જુનાગઢ અને ગીર સોમનાથ જીલ્લા ના પશુપાલકોના હિત માટે સતત પ્રયત્નશીલ છે તેવું ચેરમેન દિનેશભાઈ ખટારીયા એ જણાવ્યું છે.

# ભેંસાણની ક્રિષ્ના સ્કુલ એન.એસ.એસ. યુનિટ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી



જૂનાગઢ, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ ગુજરાત રાજયની વિકાસ ગ્રાત્રાની ધુરા હાલના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના નેતૃત્વ હેઠળ 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે જૂનાગઢ જિલ્લામાં ભેંસાણની ક્રિષ્ના સ્કુલ એન.એસ.એસ. યુનિટ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સ્કુલના સ્ટાફ અને વિધ્યાર્થીઓ દ્વારા 'ભારત વિકાસની પ્રતિજ્ઞા' લેવામાં આવી સાથે વિકાસ સપ્તાહ અંતર્ગત ચિત્ર, નિબંધ સ્પધાનું આયોજન કરવામાં આવ્યું.

# કેશોદ ખાતેની સરકારી એલ.કે.હાઈસ્કુલ અને કે.એ. વણપરીયા કન્યા વિનય મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા નિબંધ સ્પર્ધા યોજાઈ



જૂનાગઢ, તા. ૧૨

વડાપ્રધાન અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજયની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં નાગરિકોને જોડી ઓકટોબર-૨૦૨૪ની તા. ૭ થી તા.૧૫ દરમ્યાન "વિકાસ સપ્તાહ" ઉજવણીનું આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. "વિકાસ સપ્તાહ" ઉજવણી અન્વયે જૂનાગઢ જિલ્લાની કેશોદ ખાતેની સરકારી એલ.કે.હાઈસ્કુલ અને શ્રી કે.એ. વણપરીયા કન્યા વિનય મંદિર દ્વારા ચિત્ર સ્પર્ધાઅને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓ દેશના વિકાસના યોગદાન માટે સંકલ્પબધ્ધ થયા.

# માંગરોળની સુનિધિ સદભાવ કન્યા વિનય મંદિરના સ્ટાફ અને વિદ્યાર્થીનીઓ વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવા સંકલ્પબધ્ધ થયા




જૂનાગઢ, તા.૧૨

ગુજરાત રાજ્યના તાત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા.૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ શપથ લઈ રાજ્યના વિકાસની કરવટબદલી હતી. તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતની ૨૩ વર્ષની વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં નાગરિકોને જોડી વિકાસ સપ્તાહ ઉજવણીનું આયોજન જૂનાગઢ જિલ્લામાં વિવિધ પ્રવૃતિઓ દ્વારા કરવામાં આવી રહ્યુ છે. જૂનાગઢ જિલ્લામાં માંગરોળ ખાતેની સુનિધિ સદભાવ કન્યા વિનય મંદિરના વિદ્યાર્થીનીઓ વિકાસ સપ્તાહની ઉજવણી ના ભાગ રૂપે નિબંધ સ્પર્ધા માં ઉત્સાહ ભેર સહભાગી થઈ સ્કુલના સ્ટાફ અને વિદ્યાર્થીઓ એ વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવા, રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશની પ્રતિજ્ઞા ગ્રહણ કરી હતી.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા નવરાત્રી મહોત્સવ-૨૦૨૪ યોજાયો

**નવરાત્રી એકતા અને અસત્યન પર સત્યનો વિજયનાં પ્રતિક રૂપ તહેવાર હોય માનવીને પોતાની ભૂલો સમજીને તેને સુધારવાની તક આપે છે : ચેતન ત્રિવેદી કુલપતિ**







જૂનાગઢ, તા. ૧૨

આપણી ઉત્સવ પરંપરામાં વર્ષમાંવસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી અને પુષ્ય નવરાત્રી એમ ચાર વાર ઉજવણી કરવામાં આવે છે. આસો મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે અને વસંત કાળમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે જેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં સાંસ્કૃતિક વિભાગ દ્વારા ૧૧ જેટલા અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકગણ, વહીવટી સ્ટાફ અને પ્રબુધ્ધ નગરજનોએ સાથે મળી ભુતનાથ મહાદેવનાં સાંનિધ્યે નવરાત્રી ઉત્સવ-૨૦૨૪ની ભાવસભર ઉજવણી કરી રાસોત્સવમાં સૌ સહભાગી બન્યા હતા.

એકદિવસીય રાસોત્સવને દિપ પ્રાકટ્યથી પ્રારંભ કરાવતા ભુતનાથ મંદિરનાં મહંતશ્રી મહેશગીરી બાપુએ જણાવ્યુ હતુ કે આપણી સંસ્કૃતિમાં રાસ અને ગરબાનું અનેરૂ મહત્વ છે. આપણાં ગ્રંથોમાં નૃત્યને સાધના ગણી છે. યુવાનોને ભારતિય સાંસ્કૃતિક વિરાસતનાં સાધક બની ગૌરવશાળી ઉન્નત રાષ્ટ્રનાં નાગરિક શીખ આપી હતી. ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ ડો. ત્રિવેદીની અધ્યક્ષતમાં થઈ રહેલ કાર્યોની પ્રસંશા કરી યુનિ.નાં સૌ અધ્યાપકશ્રીઓને અભિનંદીત કર્યા હતા.કાર્યક્રમ પ્રારંભે રાષ્ટ્ર ગૌરવ એવા દિવંગત રતન ટાટાને મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

આ કાર્યક્રમનાં અધ્યક્ષ અને યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ નવરાત્રીનાં અવસરે ઉપસ્થિત ખેલૈયાઓને સંબોધિત કરતા જણાવ્યુ હતુ કે નવરાત્રીનો તહેવાર નવ દિવસ સુધી ઉત્સાંહ અને ઉમંગની સાથે ઉજવવામાં આવે છે. માં અંબાની આરાધના કરે છે,અને ગરબે રમે છે.નવરાત્રી ઉત્સમવ માનવીને પોતાની ભૂલો સમજીને તેને સુધારવાની તક આપે છે. માનવીય સ્વ ભાવમાં ત્રણ પ્રકારના ગુણો આવેલા છે. જે તમોગુણ (જે ડર, લાગણી અને તણાવ દર્શાવે છે.) બીજો રજો ગુણ (જે દયા દર્શાવે છે.) ત્રીજો ગુણ સત્વગગુણ (જે સત્યસ, સ્વેચ્છ તા, શાંતિ સ્વ ભાવ દર્શાવે છે.) આ ત્રણેય ગુણો પર વિજય મેળવવા માટે ત્રણ ત્રણ દિવસ માં શક્તિની આરાધના કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન શ્રદ્ધાળુંઓ માતાને રાજી કરવા માટે અને દુનિયામાં શાંતિ સદભાવનું વાતાવરણ બનતું રહે તે માટે પ્રાર્થના કરે છે. દશમા દિવસે અસત્યા પર સત્યમની જીતના પ્રતિક રૂપે વિજયા દશમી તહેવાર ઉજવવામાં આવે છે.નવરાત્રી તહેવાર અબાલ-વૃદ્ધ દરેક ઉમરનો તફાવત ભૂલીને હળીમળીને ઉજવે છે. માતા દુર્ગા સત્યાના અસત્યા પરના વિજય અપાવે છે. સરસ્વતતી જ્ઞાન દ્વારા અજ્ઞાનતા દૂર કરે છે. અને 'મા' લક્ષ્મી્ સુખ અને સમૃદ્ધિ આપે છે.

નવરાત્રી ઉત્સવ પ્રસંગે ભારતિય જનતા પાર્ટીનાં શહેર અધ્યક્ષ પૂનિતભાઈ શર્મા, અગ્રણીશ્રી શૈલેશભાઈ દવે. નિરવભાઈ પૂરોહિત, યુનિ.નાં વિવિધ વિભાગીય વડાઓ ઉપસ્થિત રહી વિજેતા ખેલૈયાઓને શીલ્ડ એનાયત કરી સન્માનીત કર્યા હતા. કાર્યક્રમનાં પ્રારંભે સૌ અતિથીઓને અને સ્પર્ધાનાં નિર્ણાયક સિતાબેન દવે, જીજ્ઞેશભાઈ ચોટલીયા સહિત મહાનુભાવોને શાલ અર્પણ કરી બહુમાન કર્યુ હતુ.

કાર્યક્રમને સફળ બનાવવા ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સાંસ્કૃતિક સેલનાં અધ્યક્ષ સુશ્રી ડો.રૂપલબેન ડાંગર, ડો. ઓમ જોષી, ડો. ઋષીરાજ ઉપાધ્યાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. રાજેશ રવિયાએ સંભાળ્યુ હતુ.

# જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી હમવતની અને પાડોશીને જૂનાગઢમાં મળ્યા

## વડનગરના વતની ભગુભાઈ પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથેના સંસ્મરણો તાજા કર્યા, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને ગુજરાતના ખૂબ વિકાસ કાર્યો કર્યા છે : ભગુભાઈ નાથાલાલ પટેલ



જૂનાગઢ તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના હમવતની એટલે કે વડનગરના વતની ભગુભાઈ પટેલ છેલ્લા પાંચેક દાયકાથી જૂનાગઢમાં વસવાટ કરી રહ્યા છે. ૮૧ વર્ષીય શ્રી ભગુભાઈ પટેલ પોતાના અને પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના વતન વડનગર સાથેના સંસ્મરણો તાજા કરે છે. જૂનાગઢ શહેરની ગુણાતીત સોસાયટીમાં નિવાસ કરતા ભગુભાઈ પટેલ કહે છે કે, તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર ભાઈ જૂનાગઢ આવ્યા ત્યારે તેમનો એક કાર્યક્રમ મોતીબાગ પાસે રાખવામાં આવ્યો હતો. તેમને મળવા માટે આગલી હરોળમાં સ્થાન લીધું હતું. નરેન્દ્રભાઈ મોદી પોતાનું ભાષણ પૂર્ણ કર્યા બાદ નજર મારી સામે પડતા. તેઓ હું જે ખુરશીમાં બેઠો હતો ત્યાં મળવા દોડી આવ્યા હતા. તેઓ કહે છે કે, શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ખાસ મારા નાના ભાઈ ચંદુભાઈ વિશે પૂછપરછ કરી હતી. ચંદુભાઈ નરેન્દ્રભાઈ મોદીની સાથે અભ્યાસ કરતા હતા. એટલે મિત્રતાને નાતે તેમણે કહ્યું પૂછ્યું હતું કે, શું કરે છે ચંદુ ? તે પ્રકારનો વાર્તાલાપ ભગુભાઈ સાથે થયો હતો. ભગુભાઈ પટેલ તેમની આછેરી સ્મૃતિ મુજબ કહે છે કે, વડનગરમાં દરબાર સ્કૂલમાં જ્યારે હું ધોરણ - ૪ માં અભ્યાસ કરતો હતો ત્યારે શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ધોરણ-૧ માં અભ્યાસ કરતા હતા અને મારો નાનો ભાઈ ચંદુ તેમની સાથે અભ્યાસ કરતો હતો. તેઓ તેમની સ્મૃતિ મુજબ કહે છે કે,નરેન્દ્ર ભાઈ મોદી એકદમ તંદુરસ્ત હતા અને ખોખો- કબડ્ડી જેવી રમત પણ રમતા જોયા છે. નરેન્દ્ર ભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા પહેલા વર્ષ-૨૦૦૧માં ફેબ્રુઆરી માસમાં તેમની પુત્રીના અને તેમના ભાઈ શ્રી ચંદુભાઈના પુત્રના લગ્નમાં પધાર્યા હતા. ઉપરાંત વડનગરમાં પણ શ્રી નરેન્દ્ર ભાઈ મોદી વડાપ્રધાન બન્યા પૂર્વે માતાજીના મંદિરના દર્શન વખતે તેમની સાથે મુલાકાત થઈ હોવાનું તેમને યાદ છે. તેમણે પ્રધાનમંત્રી નરે- ભાઈ મોદી પોતાના હમવતની અને પાડોશી હોવાનું ગૌરવ વ્યક્ત કર્યું હતું. ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જે દેશની સેવા કરી રહ્યા છે, તે માટે રૂબરૂ મળીને અભિનંદન આપવાની પણ મહેચ્છા પ્રગટ કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને ગુજરાતના ખૂબ વિકાસ કર્યો છે. ભગુભાઈ નાથાલાલ પટેલ બીએસએનએલમાં ઓપરેટર તરીકે સરકારી સેવાની જૂનાગઢથી શરૂઆત કરી હતી અને જુનાગઢ ખાતે જ સિનિયર સુપરવાઈઝર તરીકે નિવૃત્ત થયા હતા. જૂનાગઢને પોતાનું બીજું વતન બનાવી નિવૃત્ત જીવન પત્ની રમિલાબેન સાથે ગાળી રહ્યા છે. તેઓ જૂનાગઢ સ્થિત ગાયત્રી શક્તિપીઠના ટ્રસ્ટી પણ છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને વિકાસથી રાજનીતિનું એક નવો અધ્યાય શરૂ થયો હતો. તેમના શાસનકાળના જનહિતકારી અને સુશાસનની ગાથા જનધન સુધી ઉજાગર કરવા તા.૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમ્યાન સમગ્ર રાજયમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

આલેખન : રોહિત ઉસદડ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દરેક હાર બાદ ઈવીએમ પર ઠીકરું ફોડતી 'રોંદુ' પાર્ટી

રાહુલ ગાંધીએ એક વાર કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અસલી તાકાત તેમનો પ્રતાપ છે અને ક દિવસે તે તેમનો પ્રતાપ ખતમ કરીને રહેશે. તેના માટે તેમણે ખૂબ કોશિશો પણ કરી. રાફેલ સોદાને લઈને 'ચોકીદાર ચોર હૈ'નું અભિયાન હોય કે હિંડનબર્ગ રિપોર્ટ પર 'મોદાણી'નો હુમલો કે પછી અંબાણી-અદાણીની સરકારનો જુમલો, રાહુલ ગાંધીએ દર વખતે ઝાવાં માર્યા પરંતુ સફળતા નથી મળી. રાહુલ ગાંધી મોદીનો કરિશ્મા તો ખતમ ન કરી શક્યા પરંતુ એવું લાગે છે કે તેમની પાર્ટી હવે બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતાને ધ્વસ્ત કરવાનો ખતરનાક ખેલ ખેલવામાં માહેર થઈ ગઈ છે. હરિયાણા ચૂંટણીમાં હારનું ઠીકરું ઈવીએમ પર ફોડવા અને ચૂંટણી પંચ પર હુમલા કરીને કોંગ્રેસ અસલમાં આ જ કરી રહી છે. દરેક હાર બાદ કોંગ્રેસની આ જ રીતિ-નીતિ રહેતી હોવાને કારણે ભાજપના આઈટી સેલના વડા અમિત માલવીયાએ કોંગ્રેસને 'રોંદુ' પાર્ટી ગણાવી છે. જેવી ચૂંટણીમાં હાર મળી કે તરત જ કોંગ્રેસનાં ઈવીએમનાં રોદણાં શરૂ! કોંગ્રેસ એ ઈવીએમ પર સવાલ ઉઠાવી રહી છે જે એક વાર નહીં, પરંતુ કેટલીય વાર, વારંવાર અગ્નિપરીક્ષામાં પાસ થયું છે, બેદાગ સાબિત થયું છે. સુપ્રીમ કોર્ટમાંથી પણ ક્લીનચિટ મળી છે. ચૂંટણી પંચે હેકિંગની ઓપન ચેલેન્જ પર આવી, કોઈએ ચેલેન્જ ન ઉઠાવી, કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ પણ નહીં!

મંગળવારે બે રાજ્યોનાં ચૂંટણી પરિણામો આવ્યાં. જમ્મુ-કાશ્મીર અને હરિયાણા. જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ ગઠબંધનની જીત થઈ તો હરિયાણામાં ભાજપની. પરંતુ બંને પરિણામોને લઈને કોંગ્રેસની પ્રતિક્રિયામાં જમીન-આસમાનનો ફરક હતો. જ્યાં જીત્યા ત્યાં તો લોકતંત્રની જીત ને બંધારણની જીત ને રાજ્ય સાથે 'અન્યાય' અને 'અપમાન'ને જનતાનો કરારો જવાબ ને એવાં બધા જાતજાતના લચ્છેદાર જુમલા... પણ જ્યાં હારની લપડાક પડી, ત્યાં જનાદેશનું સન્માન કરવાનું તો દૂર, તેને ધરાર નહીં સ્વીકાર કરવાનો અહંકાર. જીતી ગયા ત્યાં રાહુલ બાબાની જીત, હારી ગયા ત્યાં બધો દોષ ઈવીએમનો. દરેક હાર વખતે આવા આરોપ લગાવીને કોંગ્રેસ જનતાની મૂર્ખ સમજી રહી છે.

હરિયાણા ચૂંટણી માટે મંગળવારે સવારે ૮ કલાકે જ્યારે કાઉન્ટિંગ શરૂ થયું તો શરૂઆતી વલણમાં કોંગ્રેસ બહુમતના આંકડાને પાર કરી ચૂકી હતી. કોંગ્રેસ કાર્યાલયોમાં કાર્યકર્તાઓ નાચવા લાગ્યા હતા. પરંતુ ૧-૨ કલાકો બાદ વલણો પલટાયાં. એવાં પલટાયાં કે પછી ભાજપને ક્યારેય કોંગ્રેસ આંબી ન શકી. ભાજપથી પાછળ પડી ગયા બાદથી જ કોંગ્રેસ ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવવાનું શરૂ કરી દીધું. ચિત્રવિચિત્ર ફરિયાદોનો મારો ચાલ્યો. પહેલાં કાઉન્ટિંગના આંકડાના કથિત અપડેટનો મુદ્દો ઉઠાવ્યો. પછી જ્યારે નિર્ણાયક પરિણામો સુધી પહોંચવા આવ્યા ત્યારે કોંગ્રેસે ઈવીએમ પર જ સવાલ ઉઠાવવાનું શરૂ કરી દીધું. જનાદેશનો સ્વીકાર કરવાને બદલે કોંગ્રેસે કાઉન્ટિંગની પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા. ઈવીએમ પર આંગળી ઉઠાવી. ષડયંત્રના આરોપ લગાવ્યા. જયરામ રમેશ જેવા દિગ્ગજ નેતાએ તો એવો વાહિયાત અને હાસ્યાસ્પદ દાવો કર્યો કે મતગણના વખતે કેટલાય ઈવીએમમાં ૯૯ ટકા બેટરી ચાર્જ મળી, જે ઈવીએમની બેટરી ૬૦-૭૦ ટકા ચાર્જ હતી ત્યાં કોંગ્રેસે સારું પ્રદર્શન કર્યાનો દાવો કર્યો! હારથી રીતસર ઘાંઘી થઈ ગયેલી કોંગ્રેસ ઈવીએમની બેટરી ક્ષમતા અને પરિણામોમાં સંબંધ જોડવા લાગી!

કોંગ્રેસે હારનો સ્વીકાર કરીને આત્મમંથન અને સમીક્ષા કરવાને બદલે બહાનાંબાજીનો આસાન રસ્તો પસંદ કર્યો, પરંતુ એવું કરીને તે દુનિયાના સૌથી મોટા લોકતંત્રની મહાન લોકતાંત્રિક પ્રક્રિયા અને તેની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડી રહી છે. હરિયાણામાં આ વખતે કોંગ્રેસના પ્રદર્શનમાં સુધાર થયો છે. ૨૦૧૯માં ૩૧ સીટ જીતનારી કોંગ્રેસે આ વખતે ૩૭ સીટો પર જીત મેળવી, તેમ છતાં સત્તાથી દૂર રહી. આવું કેમ થયું તેની સમીક્ષા કરવાને બદલે પાર્ટી ચૂંટણી પ્રક્રિયા પર જ લાંછન લગાવવા લાગી છે.

અંગત સ્વાર્થ માટે ચૂંટણી પંચ અને ઈવીએમને લાંછિત કરવાની કોશિશો પર સુપ્રીમ કોર્ટ એડીઆર જેવા સમૂહોની પણ ઝાટકણી કાઢી ચૂક્યું છે. આ જ વર્ષે જ્યારે એપ્રિલમાં લોકસભા ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે સર્વોચ્ચ અદાલતે છેલ્લાં ૭૦ વર્ષથી સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે ચૂંટણી પંચની પ્રશંસા કરી અને સાથે જ એના પર દુઃખ વ્યક્ત કર્યું કે 'સ્વાર્થી સમૂહો' દેશની ઉપલબ્ધિઓને કમજોર કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઈવીએમ પર ૮ વખત પરીક્ષણ કરવામાં આવ્યું અને તે દર વખતે બેદાગ નીકળ્યું. ઈવીએમ મુદ્દે કેટલીય વાર કોર્ટોમાં કેસ થયા, પરંતુ દર વખતે તેની વિશ્વસનીયતા અણિશુદ્ધ સાબિત થઈ. હાલમાં જ સુપ્રીમ કોર્ટના આદેશ પર કેટલાંય રાજેયમાં ઈવીએમમાં નોંધાયેલ વોટ અને વીવીપેટની મેળવણી થઈ, ક્યાંય કોઈ ભૂલ ન મળી.

સાત વર્ષ પહેલાં ૨૦૧૭માં તો ચૂંટણી પંચે રાજકીય પક્ષો કે કોઈપણ વ્યક્તિ કે સંગઠનને ઈવીએમ હેક કરીને બતાવવાનો ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ત્યારે માત્ર ૨ પાર્ટીઓએ જ પડકારનો સ્વીકાર કર્યો હતો - એનસીપી અને સીપીએમ. નક્કી તારીખે બંને પાર્ટીઓના નેતા ચૂંટણી પંચની ઓફિસ તો પહોંચ્યા પરંતુ ચેલેન્જમાં હિસ્સો લેવા મુદ્દે પાણીમાં બેસી ગયા. હા, આમ આદમી પાર્ટીએ ચોક્કસ દિલ્હી વિધાનસભામાં એક પ્રહસન કર્યું. વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવીને જુગાડથી બનાવેલા ડબ્બાને ઈવીએમ નામ આપીને કથિત રીતે હેક કરી બતાવ્યું. પાર્ટીએ અસલી ઈવીએમને બદલે પોતે ઘરે બનાવેલા ડબ્બાનો ઉપયોગ કરીને સસ્તી પબ્લિસિટીનો આશરો લીધો. ચૂંટણી પંચ કોઈ કાર્યવાહી ન કરી દે, તેના માટે વિધાનસભાના વિશેષ સત્રનું ઓઠું લીધું.

કુલ મળીને ઈવીએમ કેટલીય વાર અગ્નિપરીક્ષામાં પાસ થઈ ચૂક્યું છે. તેનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયાને આસાન બનાવવા અને બૂથ કેપ્ચરિંગ જેવા અપરાધો પર લગામ લગાવવા માટે કરાય છે. બેલેટ પેપરથી ચૂંટણી વખતે ઘણી જગ્યાએ બેલેટ બોક્સ લૂંટી જવા, તેમાં સહી નાખવા, બૂથ કેપ્ચરિંગ જેવા અપરાધો દરેક ચૂંટણીઓમાં જોવા મળતા હતા, પરંતુ ઈવીએમનો દોર આવતાં જ હવે તે બાબતો ભૂતકાળ બની ચૂકી છે. કદાચ એટલે જ પ્રાદેશિક પાર્ટીઓ અને કોંગ્રેસ પણ ઈવીએમ પર ગિન્નાયેલી છે. ઈવીએમથી વોટિંગનાં પરિણામો પણ વહેલાં આવે છે. સુપ્રીમ કોર્ટે પણ બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માંગ કરતી બધી અરજીઓ ફગાવી ચૂકી છે. કોંગ્રેસ જેવી દેશની સૌથી જૂની પાર્ટીઓ અને અન્ય પ્રાદેશિક પાર્ટીઓ પોતાની હારનું ઠીકરું ઈવીએમ પર ફોડીને પોતાના સમર્થકોને નિરાશ થતાં તો બચાવી લેશે, પરંતુ એવું કરીને તે ચૂંટણી પંચની વિશ્વસનીયતાને વિનાકારણે ડાઘ લગાવવાની કુત્સિત કોશિશ કરે છે. બંધારણીય સંસ્થાઓને લાંછિત કરવાનો આ ખેલ ખતરનાક છે. ચૂંટણીઓ આવતી-જતી રહેશે, હાર-જીત થતી રહેશે, પરંતુ અંગત સ્વાર્થો માટે ચૂંટણી પ્રક્રિયાને લઈને જનમાનસમાં શંકા પેદા કરવાની કોશિશો શરમજનક છે.

# મદરેસા શિક્ષકોનો પગાર વધ્યો:મહારાષ્ટ્ર ચૂંટણી પહેલા શિંદે સરકારનો મોટો નિર્ણય

મુંબઈ તા. ૧૨

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા શિંદે સરકારની કેબિનેટે મોટો નિર્ણય લીધો છે. ગુરુવારે સીએમ એકનાથ શિંદેના નેતૃત્વમાં કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં કુલ સોળ મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાં મહારાષ્ટ્રમાં મદરેસામાં ભણાવતા શિક્ષકોને ઉચ્ચ પગાર આપવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી અને મદરેસામાં શિક્ષકોના પગારમાં વધારો કરવામાં આવ્યો હતો. આ સાથે અન્ય પછાત વર્ગોના ક્રીમી લેયરની મર્યાદા ૮ લાખ રૂપિયાથી વધારીને ૧૫ લાખ રૂપિયા કરવાનો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રમાં ટૂંક સમયમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થવાની છે. વિધાનસભા ચૂંટણી પહેલા શિંદે સરકારે મુસ્લિમો અને અન્ય પછાત વર્ગોને આકર્ષવા માટે એક મોટું કાર્ડ રમ્યું છે

મહારાષ્ટ્ર સરકારે કેન્દ્ર સરકારને ૧૫ જાતિઓને અન્ય પછાત વર્ગમાં સામેલ કરવાની ભલામણ મોકલી હતી. મરાઠા નેતા મનોજ જરાંગે મહારાષ્ટ્રમાં મરાઠાઓને ઓબીસીમાં સમાવવાની માંગ સાથે સતત આંદોલન કરી રહ્યા છે. તેમણે મહારાષ્ટ્ર સરકારના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા કે શા માટે મરાઠા સમુદાયને ઓબીસી કેટેગરીમાં સામેલ કરવાની



ભલામણ કરવામાં આવી નથી કેબિનેટના નિર્ણય અનુસાર મહારાષ્ટ્રમાં D.Ed અને B.Ed શિક્ષકોને આપવામાં આવતા પગારમાં વધારો કરવાનો નિર્ણય કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ બેઠકની અધ્યક્ષતા મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કરી હતી કેબિનેટની બેઠકમાં ઓબીસીના નોન-ક્રીમી લેયરની મર્યાદા ૮ લાખ રૂપિયાથી વધારીને ૧૫ લાખ રૂપિયા કરવાની ભલામણ કરવામાં આવી હતી. નોન-ક્રિમી લેયરની આવક મર્યાદા વધારવા માટે કેન્દ્ર સરકારને વિનંતી કરવાનો નિર્ણય લેવાયો હતો. જેઓ એડવાન્સ અને એડવાન્સ ગ્રુપ (નોન-ક્રિમી લેયર) હેઠળ આવતા નથી તેમની આવક મર્યાદા રૂ. ૮ લાખથી વધારીને રૂ. ૧૫ લાખ કરવાની કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવશે. આ સાથે દિવંગત ઉદ્યોગપતિ રતન ટાટાને ભારત રત્ન આપવાની ભલામણ બેઠકમાં કરવામાં આવી હતી.

# સ્વ.શાંતિલાલ દવેના પરિવાર દ્વારા શ્રી મેલડી માંનો નવરાત્રી મહોત્સવ ઉજવાયો



અમદાવાદ, તા.૧૨

દસક્રોઈ તાલુકાના ગીરમથા ગામે સ્વ. શાંતિલાલ દવેના પરિવારના ઉગતાના પોરના શ્રી મેલડી માંનો નવરાત્રી મહોત્સવ સ્વ.શાંતિલાલ દવેના પરિવારના ઉગતાના પોરના શ્રી મેલડી માં અને અંબે માંનો નવરાત્રી મહોત્સવ યોજાયો હતો જેમાં સહ કુટુંબ ભાવિક ભક્તો દ્વારા નવ દિવસ માતાજીના ઉપવાસ, પૂજા અર્ચના અને આરતિ સાથે સહ ઉલ્લાસ ઉજવણી કરવામાં આવી હતી.

# નવરાત્રિનિમિત્તે રિલાયન્સ દ્વારા સતત અગિયારમાં વર્ષે ૫,૫૦૦ બાળાઓને લ્હાણી વિતરણ



(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૧૨

શક્તિની ભક્તિ માટે ઉજવાતા દુનિયાના સૌથી લાંબા નૃત્યપર્વ નવરાત્રિ સાથે પરંપરાગત રીતે લ્હાણી ભેટ આપવાની પ્રથા સંકળાયેલી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જામનગર અને જૂનાગઢ જિલ્લાની ૫,૫૦૦ બાળાઓને 'કુમારિકા પૂજન' તરીકે આ ઉપાસના ઉત્સવમાં લ્હાણી વિતરણ કરી શક્તિ આરાધનાના મહાપર્વમાં સાંસ્કૃતિક યોગદાન આપવામાં આવ્યું હતું.

ધનરાજ નથવાણીના માર્ગદર્શન તળે એક દાયકા કરતાં વધુ સમયથી પ્રતિવર્ષ રિલાયન્સ, ગામડાના નવરાત્રિ ઉત્સવોમાં લહાણીનું યોગદાન આપીને ભાગ લે છે. ચાલુ વર્ષે જામનગર અને જૂનાગઢ જિલ્લાના ત્રણ તાલુકાના ૩૪ ગામોના ૮૮ ગરબી મંડળની ૫૫૦૦ થી વધુ કન્યાઓને રિલાયન્સના પ્રતિનિધીઓ દ્વારા રુબરુ જઈને આ લ્હાણીનું વિતરણ કરીને સતત અગિયારમા વર્ષે આ પરંપરા ચાલુ રાખવામાં આવી હતી. આ પહેલ નવરાત્રિ ઉત્સવ અને સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિની ભાવનાની ઉજાગર કરે છે અને સમાજમાં મહિલાઓની આગામી પેઢીના સંવર્ધન અને સશક્તિકરણના મહત્વને પણ મજબૂત બનાવે છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના આઠ એએસઆઈને પીએસઆઈના પ્રમોશન


(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ગુજરાત રાજ્યના ડી.જી. વિકાસ સહાય દ્વારા રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા કુલ ૪૬ પોલીસ કર્મચારીઓને પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકેના પ્રમોશન આપતો હુકમ ગઈકાલે કરવામાં આવ્યો છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના પણ આઠ આસિસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટરનો સમાવેશ થાય છે.

આ સામૂહિક ઓર્ડરમાં ખંભાળિયાના મનીષભાઈ દેવમુરારીને રાજકોટ શહેર, સામરાભાઈ મસુરાને અમરેલી, હરીશભાઈ ગાજરોતરને રાજકોટ ગ્રામ્ય, હિતેન્દ્રભાઈ સોલંકીને રાજકોટ શહેર, ભરતભાઈ શીરને પશ્ચિમ પશ્ચિમ કચ્છ, પ્રતાપભાઈ જાદવને ગીર સોમનાથ, નારણભાઈ ગાગીયાને પોરબંદર તેમજ બળદેવભાઈ ગાગીયાને પૂર્વ કચ્છ - ગાંધીધામ ખાતે બઢતી સાથે બદલીના ઓર્ડરો કરવામાં આવ્યા છે.

# ખંભાળિયા: ધમધમતા માર્ગ પર ભૂરાયા થયેલા ગૌવંશથી ભારે નાસભાગ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા શહેરમાં રસ્તે રઝળતા ગૌવંશના કારણે વધુ એક વખત હાલાકીભરી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું હતું. ખંભાળિયાના ટ્રાફિકથી ધમધમતા એવા જોધપુર ગેઈટ ચોકમાં ગઈકાલે સવારના સમયે એક ગાય તથા બળદ ભૂરાટા થયા હતા. કોઈ કારણોસર બેકાબુ બની ગયેલી ગાય આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને અડફેટે લેવા દોટ મૂકતી હતી. અહીંથી નીકળતા રીક્ષા ચાલકો, મોટરસાયકલ કે છકડા રીક્ષાની પણ પાછળ દોડીને જાણે ઢીકે ચઢાવવાનો પ્રયાસ કરવામાં આવતો હોય તેવું ચિત્ર ખડું થયું હતું. આ ભુરાટી બનેલી ગાયના કારણે થોડો સમય આ માર્ગ પર વાહન ચાલકો તેમજ રાહદારીઓમાં ભય સાથે દોડધામ મચી જવા પામી હતી.

પશુઓના ત્રાસને નાથવા માટે નિષ્ફળ બનેલા તંત્રનો વધુ એક દાખલો ગુરુવારે જોધપુર ગેઈટ ચોકમાં જોવા મળ્યો હતો.

# દ્વારકા નજીકના દરિયામાં જોખમી રીતે માછીમારી કરવા સબબ ત્રણ સામે ગુનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લો ગુજરાત રાજ્ય અને ભારતનો છેવાળાનો જિલ્લો હોય, અહીં આવેલી વિશાળ જળસીમાના કારણે આતંકી કૃત્યો થવાની પૂરી દહેશત વચ્ચે સાવચેતી રાખવા તેમજ હાલ ચોમાસા સંદર્ભે માછીમારી સહિતના વિવિધ નિયમોને અનુસરવા માછીમારોને જાહેર તાકીદ કરવામાં આવે છે. તેમ છતાં પણ કેટલાક માછીમારો ટોકન લેવા સહિતની બાબતે ગંભીર બેદરકારી દાખવતા આ સંદર્ભે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે છે. દ્વારકા પોલીસ વિભાગ દ્વારા આ અંગે કરવામાં આવેલી કાર્યવાહીમાં દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં રહેતા અને માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા ઈસ્માઈલ ઈશા લુચાણી (ઉ.વ. ૩૫) તેમજ અન્ય આરોપી એવા દોસ્તાના બોટના ટંડેલ ઈરફાન કાસમ લુચાણી દ્વારા આરોપી એવા દોસ્તાના બોટના માલિક ઈશા લુચાણી દ્વારા પોતાની ફિશિંગ બોટ મારફતે દરિયામાં માછીમારી કરવા જતા પોલીસે વિવિધ મુદ્દે કાર્યવાહી કરી હતી. ઝડપાયેલા આરોપી ઈસ્માઈલ લુચાણી દ્વારા હાલની પરિસ્થિતિમાં કોઈપણ સમયે દરિયામાં તોફાન આવી શકે તેવા વાતાવરણ વચ્ચે તેની બોટમાં જી.પી.એસ. સિસ્ટમ રાખ્યા વગર ચોક્કસ દિશાનું માર્ગદર્શન મેળવ્યા સિવાય રાત્રિના સમયે આઈ.એમ.બી.એલ. ક્રોસ કરીને પાકિસ્તાનની જળ સીમામાં પ્રવેશ કરી જવાય તેમજ બોટમાં કોઈપણ સમયે ઇંધણ તેમજ રસોઈના સામાન ખુટી જવા કે દરિયાના પાણીના વહેણમાં બદલાવ આવવાથી બોટમાં નુકસાની થવાની કે બોટ ડૂબી જવાના જોખમની જાણ હોવા છતાં પણ માછીમારી કરવા ગયા હતા. આ પોલીસ ફરિયાદમાં હાલ ફરાર જાહેર કરવામાં આવેલા બે આરોપી પૈકી બોટના માલિક કાસમ ઈશાએ પોતાના અંગત ફાયદા માટે તેમજ અન્ય ફરાર આરોપી એવા ઈરફાન કાસમ દ્વારા બોટમાં સવાર ખલાસીઓને મોકલી બંનેએ માછીમારી બોટમાં સવાર થઈ, ટંડેલ આરોપી ઈરફાન કાસમ નાસી છૂટ્યો હતો. આ રીતે બોટમાં સેફટીના સાધનો કે અગ્નિશામક સાધનો, જી.પી.એસ. સિસ્ટમ રાખ્યા વગર માછીમારી કરવાના આ પ્રકરણમાં પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ તેમજ ગુજરાત મત્સ્યોદ્યોગ સુધારા વટહુકમની કલમ હેઠળ ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. ટી.ડી. ચુડાસમા દ્વારા હાથ ધરવામાં આવી છે. અન્ય એક કાર્યવાહીમાં બેટ દ્વારકા પોલીસ દ્વારા બાલાપર વિસ્તારમાં રહેતા આદમ હાસમ સુંભણીયા (ઉ.વ. ૪૭) નામના માછીમાર શખ્સ સામે મંજૂરી વગર પોતાની માછીમારી બોટ "મહેબૂબે કિરમાણી" લઈને દરિયામાં માછીમારી કરવા જતા તેની સામે ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા અન્વયે ગુનો નોંધ્યો હતો.

# ગાંજાના કેસમાં સરકડીયા હનુમાનજી મંદિરના એક સાધુને ત્રણ વર્ષની સજા : ૫૦ હજારનો દંડ ફટકારાયો

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૨

વિસાવદરની સેસન્સ કોર્ટમાં ચાલતા સ્પે.કેસમાં આજે એક સાધુને ગાંજાના વાવેતર કરવા બાબત તથા ગાંજા સાથે રેડ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કર્યાના એક કેસ વિસાવદર ની સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વિજય માઢકની ધારદાર દલીલો ધ્યાને લઈને વિસાવદર સેસન્સ કોર્ટના સેસન્સ જજ જયેશકુમાર શ્રીમાળી દ્વારા ત્રણ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા પચાસ હજારનો દંડ ફટકારતા ચકચાર મચી ગયેલ છે. આ અંગેની વિગત એવા પ્રકારની છે કે,ખીમાં પુના ગુજરીયા ચારણ હાલ જયભારથી ઉર્ફે માતામાં ચારણશ્રી રામપ્રકાશભારથી દ્વારા રવેચી માતાજીના મંદિરે ફૂલ જાડ સાથે આઠ ગાંજાના છોડ કોઈપણ જાતની મંજુરી વગર, વગર પાસ પરમીટે વાવી જેનું વજન ૧૨.૦૧૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧,૨૦,૧૦૦/- ના જથ્થા સાથે રંગે હાથ પકડાઈ જતા તેમની ધરપકડ કરી હતી અને તપાસના અંતે તેમની સામે ચાર્જશીટ કરવામાં આવેલ જે કેસમાં કુલ-૯ સાક્ષીઓની જુબાની લેવામાં આવેલ તથા કુલ - ૩૪ જેટલા દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ.ત્યારબાદ આરોપીના જવાબના અંતે બન્ને તરફના વકીલોની દલીલો ધ્યાને લઈ ભેસાણના સરાકડીયા ના હનુમાનજી મંદિરના ઉપર જણાવેલ સાધુને ગાંજાના કેસમાં ત્રણ વર્ષની સજા અને પચાસ હજારનો દંડ ફટકારેલ હતો અને



દંડ ન ભરે વધુ છ માસની સજા ભોગવવા વિસાવદર સેસન્સ કોર્ટ હુકમ કરેલ હતો. આ કામમાં સરકારી વકીલ વિજય માઢક ની ધારદાર દલીલો કરેલ હતી.

# ખંભાળિયા ખામનાથ બ્રિજ નજીક બનાવાયેલા કામચલાઉ ડાયવર્ઝન પર ટ્રક ફસાયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા શહેરમાં પોરબંદર માર્ગ તરફથી પ્રવેશવાના રસ્તે આવેલા ખામનાથ બ્રિજને બંધ કરી દેવામાં આવતા તાજેતરમાં અહીં કામચલાઉ ડાયવર્ઝન તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં ગઈકાલે પસાર થતો એક ટ્રક ખૂંપી જતા થોડો સમય દોડધામ મચી જવા પામી હતી.

ખંભાળિયામાં ખામનાથ મહાદેવ મંદિર નજીક આવેલા વર્ષો જુના અને જર્જરીત એવા કેનેડી બ્રિજ (ખામનાથ પુલ)ને તંત્ર દ્વારા અવરજવર અને ઉપયોગ માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. લાંબા સમયથી બંધ રહેલા આ બ્રિજના કારણે આ વિસ્તારના રહીશો, દુકાનદારો વિગેરેને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી અહીં નદી વિસ્તારમાંથી કામચલાઉ ધોરણે માર્ગ બનાવીને ડાયવર્ઝન તૈયાર કરવાની તંત્ર સમક્ષ સ્થાનિકો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા અહીં પથ્થર, રેતી વિગેરે નાખીને કામ ચલાઉ રીતે કાચા રસ્તાનું ડાયવર્ઝન બનાવવામાં બનાવ્યું હતું. જેને બે દિવસથી જ કાર્યરત કરાયું હતું.



ગઈકાલે આ કાચા રસ્તા પરથી પસાર થતો એક ટ્રક બરોબર વચ્ચે જ ખૂંપી ગયો હતો. આ ટ્રકના તોતિંગ વ્હીલ રસ્તા વચ્ચે જ બરોબર ફસાવી જતા અહીંની થતી હળવી અવર-જવર પણ અટકી જવા પામી હતી. લાંબી જહેમત બાદ ટ્રક અહીંથી નીકળતા તંત્ર દ્વારા રસ્તો દૂરસ્ત કરવા સહિતની તજવીજ કરવામાં આવી હતી. ત્યારે આ ડાયવર્ઝનની ગુણવત્તા સામે પણ સોશિયલ મીડિયામાં સવાલો ઉઠવા પામ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે પોતાના સ્વાર્થ માટે કામ કરે છે તેને જગતમાં કે સમાજમાં ક્યાંય આદર મળતો નથી.

- અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૯ સરસ્વતિ વિસર્જન, શ્રી હરિ જયંતિ, વિજ્યા દશમી, દશેરા, આયુધ પૂજા, શમી પૂજા, ભગવાન શ્રી બુધ્ધ જયંતિ તા.૧૨ ઓક્ટોબર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૮, શ્રવણ નક્ષત્ર, સુકર્મા યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૮

આજનો દિવસ સવારે ૧૦:૫૮ ક. થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.


- કનકચંદ્ર સી. વ્યાસ


મેષ: મોઢે આવેલો કોળીયો છીનવાઈ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.
વૃષભ:સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.
મિથુન:માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
કર્ક: નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.
કન્યા: કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા: સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.
વૃશ્ચિક:ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.
ધન: ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
મકર: ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.
મીન: કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૩ વર્ષના સાશનમાં ગુજરાતમાં નવનિર્મિત પ્રવાસ વિકાસન ધામો...

# સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર, બેટ દ્વારકાનો સુદર્શન સેતુ, ધોરડો રણોત્સવ, સ્મૃતિ વન - સાંસ્કૃતિક વનો બન્યા છે લોકપ્રિય પર્યટન સ્થળો

**નવા પ્રવાસન સ્થળોએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સ્થાનિક લોકોને આપી રોજગારી : હોટેલ, રેસ્ટોરન્ટ, ટ્રાન્સપોર્ટેશનનો વ્યવસાય ફૂલ્યો ફાલ્યો : રાજકોટ જિલ્લામાં નવનિર્મિત અટલ સરોવર, રામ વન, ગાંધી મ્યુઝિયમ, પ્રદ્યુમન પાર્કમાં આવે છે લાખો સહેલાણીઓ: ખંભાલીડા, શક્તિવન, ઓસમ ડુંગર, ઘેલા સોમનાથમાં પણ થયા છે અનેક વિકાસ કામો**










દુનિયાભરમાં સૌથી વધુ પ્રવાસ ગુજરાતીઓ કરતા હોવાનું માનવામાં આવે છે. પરંતુ હવે ગુજરાતમાં દેશ અને વિદેશના પ્રવાસીઓ આવતા થયા છે. જેનું કારણ છે અનેક નવનિર્મિત આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રવાસન ધામો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૩ વર્ષના શાસનમાં ગુજરાતમાં અનેક આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રવાસન ધામો બન્યા છે. જે ટૂંકા ગાળામાં પણ ખૂબ લોકપ્રિય પર્યટન સ્થળોમાં સ્થાન મેળવી શકયા છે. દેશ- વિદેશના પ્રવાસીઓ ખાસ આ સ્થળોની મુલાકાત લેવા આવે છે. જેનાથી ગુજરાતના પ્રવાસનને ખૂબ વેગ મળ્યો છે. તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સ્થાનિક લોકોને રોજગારી મળતી રહી છે. હોટેલ, રેસ્ટોરન્ટ, ટ્રાન્સપોર્ટેશન સહિતના વ્યવસાયો ફૂલ્યો ફાલ્યો છે. આ સ્થળોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ, દ્વારકા - બેટ દ્વારકા (સુદર્શન સેતુ), ધોરડો રણોત્સવ, અસંખ્ય સાંસ્કૃતિક વનોનો સમાવેશ થાય છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો નવનિર્મિત અટલ સરોવર, રામ વન, ગાંધી મ્યુઝિયમ, પ્રદ્યુમન પાર્ક , શકિતવન વગેરેમાં લાખો સહેલાણીઓ આવે છે. તો ખંભાલીડા, ઓસમ ડુંગર અને ઘેલા સોમનાથમાં અનેક વિકાસકામો પ્રવાસીઓને ધ્યાને લઈ કરવામાં આવ્યા છે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી :** સ્ટેચ્યુ ઓફ યુનિટીના ખાતમુહૂર્ત અને લોકાર્પણ બંને વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદી એ કર્યાં હતા. રાજ્યનું એકતા નગર અને રાષ્ટ્રની એકતાના શિલ્પી અને રાજ્યના ગૌરવવંતા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના સ્ટેચ્યુ ઓફ યુનિટી તરીકે પ્રખ્યાત છે. ૧૮૨ મીટરની ઉંચાઈ ધરાવતી અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાને નિહાળવા દેશ-વિદેશથી સહેલાણીઓ મોટી સંખ્યામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે પધારે છે, સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણમાં દેશભરના અનેક ખેડૂતોનું યોગદાન છે, જેમણે નાના-મોટા, જૂના ઓજારોને દાન કરીને સહયોગ કર્યો છે. આ સ્મારકનો ખુબ જ મોટા વિસ્તારમાં વિસ્તરેલ અને કૃત્રિમ તળાવથી ઘેરાયેલું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંગ્રહાલયનુ પણ નિર્માણ કરવામાં આવેલ છે જેમાં દેશની આઝાદીમાં સરદાર સાહેબની મહત્વપૂર્ણ સુવર્ણ ઈતિહાસ અને રજવાડાઓના ત્યાગને ઉજાગર કરવામાં આવ્યો છે.

**શિવરાજપુર :** દ્વારકાથી ૧ ૨ કિમીના અંતરે આવેલ શિવરાજપુર બીચને આંતરરાષ્ટ્રીય કક્ષાનો બ્લુ ફલેગનો દરરજો પ્રાપ્ત થયો છે. ઓકટોબર ૨૦૨૦માં ડેનમાર્ક સ્થિત સ્વૈચ્છિક સંસ્થા ફાઉન્ડેશન ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન દ્વારા તેને પ્રતિષ્ઠિત ‘બ્લુ ફલેગ બીચ’ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. તે સફેદ રેતીનો બીચ છે જે નિસ્તેજ સાફ પાણી ધરાવે છે. અહી અનેક વોટર એકટીવીટી પણ થાય છે.

**સુદર્શન સેતુ :** દેવભૂમિ દ્વારકા જિલ્લાની યશ કલગીમાં ઉમેરાયેલું વધુ એક નવું મોરપીંછ એટલે સુદર્શન સેતુ. દેશના સૌથી લાંબા કેબલ બ્રિજ સુદર્શન સેતુ જે ઓખા અને બેટ-દ્વારકાને જોડે છે. આ સેતુ પર વ્યુઈંગ ગેલેરી, ભગવદગીતાના શ્લોક, મોર પંખ, ફૂટ પાથ સહિત અનેક સુવિધાઓ આકર્ષણનું કેન્દ્ર છે. બ્રીજની લંબાઈ ૨૩૨૦ મીટર છે, જેમા ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ છે.

**કચ્છ રણોત્સવ :** તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ધોરડોમાં રણોત્સવ શરૂ કરાયો હતો. અભિનેતા અમિતાભ બચ્ચન ‘ખુશ્બુ ગુજરાત કી, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા’ નું બ્રાંડિંગ કર્યુ હતું. પ્રતિ વર્ષ દેશ- વિદેશમાંથી પ્રવાસીઓ કચ્છના રણને જોવા અને માણવા આવતા હોય છે. રાજય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા અહી રણોત્સવ ઉજવાય છે. અનેક કાર્યક્રમો થાય છે. અધિકારીઓની ચિંતન શિબિરો પણ અહીં થઈ હતી.

**સ્મૃતિ વન :** વર્ષ ૨૦૦૧માં કચ્છ ખાતેના ભૂકંપમાં જીવ ગુમાવનારાઓની સ્મૃતિમાં આ વિશેષ વનનું નિર્માણ કરાયું છે. જેનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. ૪૭૦ એકરમાં બનેલું આ વન કચ્છના ભુજિયા ડુંગર ખાતે રૂ. ૩૭૫ કરોડના ખર્ચે બનેલું છે. સ્મૃતિ વન ભારતનું સૌથી મોટું ભૂકંપ સ્મારક અને મ્યુઝિયમ છે. અહીં મિયાવાકી પદ્ધતિથી ૩ લાખ જેટલા વૃક્ષોનો ઉછેર કરવામાં આવ્યો છે. ૫૦ ચેકડેમનું પણ અહીં નિર્માણ કરવામાં આવ્યું છે. રિયલટાઈમ ભૂકંપનો અનુભવ કરાવતુ ખાસ થિયેટર વનની થીમ છે. ૧ મેગાવોટ ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ, ત્રણ હજાર મુલાકાતીઓ માટે પાર્કિંગ, ૩૦૦થી વધુ વર્ષ જૂના કિલ્લાનું નવીનીકરણ, ૩ લાખ વૃક્ષોનું વાવેતર, સમગ્ર વિસ્તારમાં ઈલેક્ટ્રિક લાઈટિંગ જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.અહીં એક વિશેષ થિયેટર છે કે, જ્યાં ધ્રુજારી અને ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી ભૂકંપનો અનુભવ કરાવવામાં આવે છે. ૩૬૦ ડિગ્રી પ્રોજેક્શનથી તેની અનુભૂતિ કરાવવામાં આવે છે. મ્યૂઝિયમમાં કુલ આઠ બ્લોકમાં ઐતિહાસિક હરપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતી, ગુજરાતની કળા અને સંસ્કૃતિ, વાવાઝોડાનું વિજ્ઞાન, રિયલટાઈમ આપાતકાલીન સ્થિતિ અંગે કન્ટ્રોલ રૂમ દ્વારા નિદર્શન કરવામાં આવ્યું છે.

**ગાંધી મ્યુઝિયમ :** ગાંધી મ્યુઝિયમનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. રાજકોટ આવનારા દરેક પ્રવાસીઓએ એકવાર અચૂકપણે મુલાકાત લેતા હોય છે તેવા આંતર રાષ્ટ્રિય ગાંધી મ્યુઝિયમ અગાઉ આલ્ફેડ હાઈસ્કુલ હતી. અસંખ્ય વિધાર્થીઓ અહીંથી શિક્ષણ પ્રાપ્ત કરી ચૂકયા હતા. જેમાના ગાંધીજીનો પણ સમાવેશ થાય છે. પૂ. બાપુએ અહીં સાત વર્ષ અભ્યાસ કરીને મેટ્રિક થયા હતા. રજવાડાના સમયમાં અંગ્રેજી બનાવટ (બ્રિટિશ સ્થાપત્ય પ્રમાણે)ની બનેલી આ સ્કુલની બનાવટ ઉત્તમ કારીગરીનો નમૂનો છે જે જોવાલાયક છે. આ મ્યુઝિયમના ઓરડાઓમાં ગાંધીજીના જીવનનું વર્ણન કરતા અસંખ્ય લેખ, સર્ટિફિકેટ્સ, સ્લાઈડ્-શૉ, પુતળાઓ, લેખો દર્શાવવામાં આવ્યા છે. સાંજે આ મ્યુઝિયમના પરિસરમાં યોજાતો લાઈટ શો પણ જોવાલાયક છે.

**રામવન :** રાજકોટ ખાતે ૪૭ એકર જમીનમાં બનેલ રામવન અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ભગવાનશ્રી રામના જીવન ચરિત્ર પર આધારિત વિવિધ પ્રતિકૃતિઓ મુકવામાં આવી છે. આ વનમાં ૮૦ હજાર જેટલી પ્રજાતિઓ ૨૫ બ્લોક પ્લાન્ટેશન જેમાં બે બ્લોકમાં મીયાવાકી થીમ બેઈઝ પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. બે તળાવ, ચિલ્ડ્રન પ્લે એરિયા, રામસેતુ અને એડવેન્ચર બ્રીજ સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે. ઈતિહાસ, જ્ઞાન અને મનોરંજનવાળું વનને અર્બન ફોરેસ્ટ રામવન તરીકે ઓળખવામાં આવે છે.

**શકિતવન(કાગવડ) :** વન વિભાગ દ્વારા વિરપુરથી ૧૧ કિલોમીટર દૂર, હાલના ખોડલધામ પાસે શક્તિ વનનું નિર્માણ થયું હતું. જેનું લોકાર્પણ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરાયું હતું. આ પણ એક સુંદર પર્યટન સ્થળ પ્રહલાણીઓને મળ્યું છે.

**ખંભાલીડા બૌદ્ધ ગુફાઓ :** રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ખંભાલીડા ગામે આવેલી આ ગુફાની દેખરેખ ગુજરાત સરકારનું પુરાતત્વ ખાતું કરે છે. અહીં સ્થિત ત્રણ ગુફાઓ ચૂનાના ખડકોમાં કોતરીને બનાવવામાં આવી છે. જેમાંની મધ્યની ગુફા સ્તૂપ ધરાવે છે, જે ચૈત્ય ગુફા તરીકે ઓળખાય છે. ચૈત્ય ગુફાની બંને બાજુ બોધિસત્વની મૂર્તિઓ આવેલી છે. ડાબી બાજુની મૂર્તિ કદાચ અશોક વૃક્ષ નીચે પાંચ શિષ્યો અને એક સ્ત્રી સાથી સાથેના પદ્મપાણિની છે. તેની ડાબી બાજુએ વક્ષ જેવો વામન હાથમાં છાબડી સાથે ઊભો છે. જમણી બાજુની મૂર્તિ વજ્રપાણિની છે, જે પણ અશોક જેવા વૃક્ષની નીચે ઊભેલા શિષ્યો સાથેની છે. સ્ત્રીની મૂર્તિ જૂનાગઢની ઉપરકોટની ગુફાઓ જેવો પહોળો પટ્ટો ધરાવે છે. તે કુષાણ-ક્ષત્રપના છેલ્લા સમયગાળા જેવી છે તેમજ અન્ય મૂર્તિઓ પાછલા આંધ્ર પ્રકારની છે. આ ગુફાઓ ૪ થી ૫મી સદીની હોવાનું માનવામાં આવે છે. સરકારશ્રી દ્વારા લાખોના ખર્ચે આ ગુફાઓનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

**પ્રદ્યુમ્ન પાર્ક :** આ પાર્કનું લોકાર્પણ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું. રાજકોટના તત્કાલીન રાજવી ઠાકોર સાહેબશ્રી પ્રદ્યુમ્નસિંહજીના નામ પરથી પ્રદ્યુમ્ન પ્રાણી ઉદ્યાન નામ રાખવામાં આવ્યું છે. આ ઉદ્યાનની ૧૩૭ એકરમાં વિસ્તરેલી છે રાજવી ઠાકોર દ્વારા દાન કરવામાં આવી હતી. જેમાં આજે ૬૫ પ્રજાતિઓના ૫૫૩ પ્રાણી-પક્ષીઓ રહે છે. જેમાં એશિયાઈ સિંહ, વાઘ, સફેદ વાઘ, દિપડો, રિંછ, મગર, ઘડિયાલ, હરણો, વાંદરા, શ્વાન કુળના પ્રાણીઓ, જુદી જુદી પ્રજાતિઓના નાના પ્રાણીઓ, જુદી જુદી પ્રજાતિઓના સાપ તેમજ જુદી જુદી પ્રજાતિઓના પક્ષીઓ જોવા મળે છે. અને શિયાળુ પક્ષીઓ માટે ‘‘ડક પોન્ડ’’ની સુવિધા ઉભી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના લાખો સહેલાણીઓ મુલાકાત છે.

**અટલ સરોવર :** અટલ સરોવર એ રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ પ્લાન હેઠળ પરંપરાગત રીતે આયોજિત વોટર-ફ્રન્ટ ડેવલપમેન્ટ બનાવવા માટે ઓળખવામાં આવેલ મુખ્ય તળાવોમાંનું એક છે, જે નાગરિકોને આનંદ માણી શકે તે માટે પર્યાવરણીય રીતે સંકલિત સામાજિક અને મનોરંજક જાહેર વિસ્તાર પૂરો પાડે છે. તરીકે વિકસાવવામાં આવ્યું છે (જે ન્યૂ રેસ કોર્સ તરીકે પણ ઓળખાય છે). સરોવરનું પાણી તેમજ તેની આસપાસનો જમીન વિસ્તાર, જેમાં વિવિધ વયના નાગરિકો અને સામાજિક જૂથો દ્વારા સામાજિક અને મનોરંજક પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરી શકાય તેવા બહુવિધ અનુભવ ઝોનનો સમાવેશ થાય છે, જે અટલ સરોવરને એક જીવંત શહેરી જગ્યા બનાવે છે જે પ્રકૃતિ સાથે સુસંગત છે.

**ઓસમ ડુંગર :** આ પર્વતીય વિસ્તારમાં લોકો હરી ફરી શકે અને પ્રવાસનને વેગ મળે તે માટે અહીં અનેક વ્યવસ્થાઓ સરકારી સ્તરે ઊભી કરાઈ છે. સુંદર મજાના સેલ્ફી પોઈન્ટ છે તો લોકો બેસી શકે તે માટે આકર્ષક બાંકડાઓ પણ મૂકવામાં આવ્યા છે. ધોરાજી તાલુકાના પાટણવાવ ગામ સ્થિત આવેલ ઓસમ ડુંગર ખાતે અનેકો વાર પ્રકૃતિ શિબિર, આરોહણ અવરોહણ સ્પર્ધા, લોક મેળો પણ યોજવામાં આવે છે સ્થાનિકોની માન્યતા પ્રમાણે ઐતિહાસિક ઓસમ ડુંગર પર મહાભારત કાળના અનેક અવશેષો જોવા મળે છે. પાંડવોએ બાંધેલું ટપકેશ્વર મહાદેવનું મંદિર તેમજ તેની પાસે આવેલો પાણી ભરેલો હોજ, જેમાં સતત પાણી ડુંગર પરથી ટપક્યા કરે છે. આ ઉપરાંત પટાંગણમાં આવેલી ભીમની થાળી આજે પણ જોઈ શકાય છે.

**ઘેલા સોમનાથ :** ઘેલા સોમનાથમાં મૂળ સોમનાથની શિવલિંગ બિરાજમાન છે. એ પણ ભક્તજનો તથા પ્રવાસીઓનો ઘસારો રહે છે. આ મંદિર જિલ્લા વહીવટી તંત્ર હસ્તક આવેલું છે. અહીં મંદિરની અંદર, મંદીરના વિશાળ પરિસરમાં તથા મંદિરની સામે આવેલ મીનળદેવીના મંદિરમાં અનેક વિકાસ કામો કરાયા છે. યાત્રિકો માટે અહીં રહેવા તથા ભોજન બંનેની સુવિધા છે.

**લાખોટા તળાવ :** જામનગર વાસીઓ માટે હરવા ફરવાનું સૌથી મહત્વનું સ્થળ એ લાખોટા તળાવ છે. આ તળાવની અંદર આવેલા રજવાડા સમયના કિલ્લાનું નવીનીકરણ સરકાર દ્વારા વખતો વખત થયું છે. જામનગર શહેરની બરાબર મધ્યમાં આવેલું રણમલ તળાવ (લાખોટા તળાવ) પાંચ લાખ ચોરસ મીટરમાં અને ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. લાખોટા તળાવની મધ્યમાં પત્થરના ગઢ પર વર્તુળાકાર લાખોટા કોઠો સ્થિત છે. દુષ્કાળની પરિસ્થિતિમાં ચોમાસા દરમિયાન જામ રણમલજી-૨ ના હુકમથી આ કોઠાનું દુષ્કાળ રાહત માટે નિર્માણ થયેલુ. હકીકત તો એવી છે કે આ માળખુ એક કિલ્લા તરીકે રચાયેલ હતું. જે દુશ્મન સૈનિકોના આક્રમણને અટકાવવા માટે નિર્મિત થયો હતો. આ કિલ્લો હવે લાખોટા પેલેસ તરીકે પણ ઓળખાય છે અને તે હાલમાં લાખોટા મ્યુઝિયમ ધરાવે છે. સહેલાણીઓ તેમજ યાયાવર પક્ષીઓ માટે પણ આદર્શ આશ્રય-સ્થાન પૂરૂ પાડે છે.

**- પારૂલ આડેસરા, સહાયક માહિતી નિયામક, માહિતી ખાતુ, રાજકોટ**

## રાજકોટ રેલ્વે ડિવિઝન ખાતે રાજભાષા પખવાડા-૨૦૨૪નો એવોર્ડ વિતરણ સમારોહ સંપન્ન




(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧૨

રાજભાષા પખવાડાનું તાજેતરમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમાર દ્વારા ઈનામ વિતરણ સાથે સમાપન થયું. આ પ્રસંગે અધિક મુખ્ય રાજભાષા અધિકારી, એડીઆરએમ કૌશલ કુમાર ચૌબે, રાજભાષા અધિકારી અતુલ ત્રિપાઠી, વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ અને રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪-૯-૨૦૨૪થી ૩૦-૯-૨૦૨૪ દરમ્યાન ડિવિઝનલ રેલ્વે મેનેજર-ઓફિસ, રાજકોટમાં રાજભાષા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિવિઝનના વિવિધ વિભાગો અને ડિવિઝનના સ્ટેશન કર્મચારીઓએ ભાગ લીધો હતો. હિન્દી પખવાડા-૨૦૨૪ દરમ્યાન, મંડળના રાજભાષા વિભાગમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિન્દી નોટ ડ્રાફ્ટિંગ, હિન્દી નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, હિન્દી સાહિત્યિક પરિસંવાદ, હિન્દી વ્યાખ્યાન અને બાળકો માટે નિબંધ, કવિતા/ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દી પખવાડિયા દરમ્યાન રેલવે કર્મચારીઓએ સ્વ-રચિત હિન્દી કવિતામાં ભાગ લીધો હતો. હિન્દી પખવાડા દરમ્યાન વિભાગના અધિકારીઓએ હિન્દી નિબંધ સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો. ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારે તેમના સંબોધનમાં વિવિધ હિન્દી સ્પર્ધાઓમાં વિજેતા બનેલા રેલ્વે કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તમામ રેલ્વે કર્મચારીઓને તેમના રોજીંદા કામ હિન્દી ભાષામાં જ પૂર્ણ કરવા આહ્વાન કર્યું હતું. રાજકોટ ડિવિઝનના રાજભાષા અધિકારી અતુલ ત્રિપાઠીના આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું.

## મુખ્યમંત્રી જ્ઞાન સેતુ અને જ્ઞાન સાધના પરીક્ષામાં ભાડલા કન્યા પ્રા. શાળાની ૧૬ વિદ્યાર્થીઓની પસંદગી

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૧૨

રાજ્ય પરીક્ષા બોર્ડ-ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે ધો-૫ માટે લેવાયેલ ‘જ્ઞાન સેતુ’ શિષ્યવૃતિ પરીક્ષામાં શાળાની ૧૦ (દશ) અને ધો-૮ માટે લેવાયેલ ‘જ્ઞાન સાધના’ પરીક્ષામાં ૦૬ (છ) મળીને કુલ ૧૬(સોળ) વિદ્યાર્થીઓને મેરિટમાં સ્થાન મળ્યું છે. ધો-૫ માટે લેવાયેલ જ્ઞાન સેતુ પરીક્ષામાં (૧) સતિકુંવર વૈભવી (૨) શેખ હેમાંશી (૩) ખસિયા પૂર્વી (૪) શાહમદાર રોઝમીન અને (૫) પરમાર શ્રદ્ધા (૬) સરવૈયા શ્રુતિ (૭) સરવૈયા વૈશાલી (૮) બ્લોચ અફ્સાના (૯) મેટાળિયા ધારા અને (૧૦) ચાવડા જેમિશા તેમજ ધો-૮ માટે લેવાયેલ જ્ઞાન સાધના પરીક્ષામાં (૧) માલકિયા નિશા અને (૨) ડોડિયા રાધિકા (૩) કોબિયા દિપાલી (૪) સોલંકી કોમલ (૫) રાઠોડ દીપિકા (૬) રાઠોડ કિંજલ આમ કુલ ૧૬(સોળ) વિદ્યાર્થીનીઓએ સદર શિષ્યવૃતિ પરીક્ષાના મેરિટમા સ્થાન પ્રાપ્ત કરી શાળા ગૌરવની યશ કલગીમાં વધારો કર્યો છે. શાળાના આચાર્ય એચ.જે.કારિયાએ તમામ બાળકોને આ તકે તેમની સિદ્ધી ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

### અવસાન નોંધ

કેશોદ : સવિતાબેન ગોંડલીયા તે નાનજીભાઈ નારણભાઈના ધર્મપત્ની વિપુલભાઈ, મેહુલભાઈ (કેશોદ નગરપાલિકા પ્રમુખ)ના માતૃશ્રી તા.૧૦ના રોજ રામચરણ પામેલ છે. સદગતનું બેસણું તા.૧૪ને સોમવારના સાંજના ૩થી ૬ કલાકે પાનદેવ સમાજ, કેશોદ ખાતે રાખેલ છે.

## ખંભાળિયા અને ભાણવડ વિસ્તારમાં ગરબે ઘુમતી બાળાઓને લ્હાણી વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં નવરાત્રી દરમ્યાન બાળાઓ દ્વારા આદ્યશક્તિની ઉપાસના કરવામાં આવે છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ આહિર અગ્રણી અને સેવાભાવી કાર્યકર મેરામણભાઈ ભાટુ દ્વારા ખંભાળિયા અને ભાણવડ તાલુકાના જુદાજુદા ગરબા મંડળોમાં બાળાઓને લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ જામનગર ભાજપના મહામંત્રી તેમજ દેવભૂમિ દ્વારકાના મહેન્દ્ર ટ્રેક્ટરના ડીલર મેરામણભાઈ ભાટુ દ્વારા નવરાત્રીના નવ દિવસ દરમિયાન રૂબરૂ જઈ અને તમામ ગરબા મંડળોમાં માતાજીની આરાધના કરતી બાળાઓને ઈનામો આપીને પુરસ્કૃત કરવામાં આવે છે. નવરાત્રીના પ્રારંભથી જ ખંભાળિયા તેમજ ભાણવડ વિસ્તારના જુદા જુદા ૧૩૨ જેટલા સ્થળોએ રૂબરૂ જઈને મેરામણભાઈ ભાટુ તેમજ તેમની ટીમ દ્વારા બાળાઓને લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક સેવા પ્રવૃત્તિ કરીને ખરા અર્થમાં ધાર્મિક સેવા તેમજ લોકો વચ્ચે રહેવાનો આ પ્રયાસ કરીને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી રહ્યાનો ભાવ તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ભગીરથ કાર્ય માટે તેમને સેવાભાવી કાર્યકરોની ટીમનો પણ સાથ સહકાર મળી રહ્યો હતો.

## જૂનાગઢ તાલુકાનાં ગોલાધર ગામે દંપતિ ઉપર ૩ શખ્સોનો હુમલો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ તાલુકાના ગોલાધર ગામે સ્મશાન પાસે ત્રણ શખ્સોએ દંપતિ પર લોખંડના પાઈપ, લાકડી વડે હુમલો કરી ગંભીર ઈજાઓ કરી ધમકી આપ્યાની ફરીયાદ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકાના ગોલાધર ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષીય જયભાઈ ગોપાલભાઈ કાલરીયા અને અને તેમના ૨૩ વર્ષીય પત્ની મિતલબેન ગુરુવારે સાંજે ૫:૩૦ વાગ્યાના અરસામાં બાઈક પર જતા હતા. તે દરમિયાન ગામના સ્મશાન પાસે પહોંચતા અચાનક ગોલાધરનો વિજય પ્રવીણ મકવાણાએ પ્લાસ્ટિકના પાઈપ સાથે આવી બાઈક રોકાવી ગાળો આપવા લાગ્યો હતો. આ દરમિયાન વિજયના બે ભાઈઓ અજય લોખંડના પાઈપ સાથે અને મિલને લાકડી સાથે આવી ત્રણેય યુવાનની પત્નીને ’તારા બાપને અમે મારી નાખેલ અને છૂટી ગયા છે શું કરી લીધું? આજે તમને બંનેને પણ મારી નાખવા છે’ તેમ કહી ત્રણેય ભાઈઓએ તૂટી પડી ખૂની હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને બંને હાથ, પગ અને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી તેમજ પતિને બચાવવા વચ્ચે પડતા પત્નીને ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. બાદમાં ઈજાગ્રસ્ત દંપતિને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. તાલુકા પોલીસે જયભાઈ કાલરીયાની ફરીયાદના આધારે વિજય પ્રવીણ મકવાણા, અજય પ્રવીણ મકવાણા અને મીલન પ્રવીણ મકવાણા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ.કે.ડામોરે હાથ ધરી છે.

# ઉના શહેરમાં બ્રાન્ડેડ તેલના નામે ગેરકાયદેસર તેલના ટીન બનાવતા બે ઈસમ સામે કાર્યવાહી



ઉના તા. ૧૨

ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર રહેણાંક સોસાયટી મા ભેળ સેળ યુકત ખાદ્યતેલ બ્રાન્ડેડ કંપનીઓના ડબા ટીનમાં ભરી સ્ટીકર લગાડી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા હોય જિલ્લા કલેકટરએ રેડ પડાવતા રૂા.૩૧લાખ ૫૦હજારથી વધુ રકમનો જથ્થો સિલ કરી તપાસ શરૂ કરી છે. પેઢીના બે સંચાલકોની પૂછપરછ શરૂ કરી છે.

ગીર સોમનાથ જિલ્લાના કલેકટર દિગ્વિજય સિંહ ડી. જાડેજાને બાતમી મળી હતી કે ઊનામાં સોસાયટી વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં ખાદ્યતેલમાં ભેળસેલ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરાતા હોય તેથી તેમણે ઊનાની પ્રાંત કચેરીના અધિકારીને જાણ કરતા ઊનાના નાયબ કલેકટર અને તેમની ટીમે તુરંત ફૂડ ખાતાના અધિકારીઓ સાથે ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર ટાઉન હોલ વિસ્તારમાં લક્ષ્મી નગર સોસાયટી વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં એક ગોડાઉનમાં રેડ કરતા ભવાની એન્ટરપ્રાઈઝ નામની કંપની ચલાવતા તપાસ કરતા ટીમ પણ આશ્ચર્યમાં પડી ગઈ હતી. ગોડાઉનમાં ટાંકામાં તેલ ભરેલ હતું અને નામાંકીત કંપનીના તેલના ડબાઓ, પ્લાસ્ટિકના કેન, બોટલોનો જથ્થો મોટા પ્રમાણમાં નામાંકીત કંપનીના સ્ટીકર, સિલ મળી આવતા રોજકામ કરી કુલ રૂા.૩૧લાખ ૫૦ હજારનો મુદામાલ સીઝ કરી ગોડાઉન સિલ કરી કાર્યવાહી કરી હતી.

આ અંગે ગીર સોમનાથ જિલ્લાના કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવેલ કે આ ભવાની એન્ટરપ્રાઈઝ નામની ઊનાની કંપનીના સંચાલક અમરીશ એન. ખાલપડા રે.ઉનાં સમીરભાઈ છોટાલાલ ભૂપતાણી રે. ઊના દ્વારા બહારથી પામ તેલ, કપાસિયા તેલ મંગાવી બ્રાન્ડેડ કપાસિયા તેલ, સુર્યમુખી તેલ, નામે બજારમાં વેચાણ કરતા હોવાનું જણાવેલ હતું. કલેકટર કચેરીના અધિકારી દ્વારા આ લોકો ક્યાંથી તેલ લાવી કોને કોને વેચાણ માટે આપેલ તેની તપાસ કરી રહી છે. ટૂંક સમયમાં આ નેટવર્કનો પર્દાફાશ થશે. આમ કલેકટરની જાગૃતતાથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા ષડયંત્રનો પર્દાફાશ કરેલ છે.

# Hyundai Motor India Limitedનો આઈપીઓ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ખલૂ શે

અમદાવાદ, ૧૨

ક્રિસીલના રીપોર્ટ મુજબ કેલેન્ડર વર્ષ૨૦૨૩માં પેસેન્જર વ્હીકલ સેલ્સ પર આધારીત વિશ્વવાં ત્રીજા ક્રમની સૌથી મોટી ઓટો ઓઈએમ **Hyundai Motor Group**નો ભાગ એવી **Hyundai Motor India Limited (the "Company")** મંગળવાર, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરેછે **("Offer")**. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ-ઓફર ખોલવાની તારીખ એટલે કે સોમવાર, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૪ના કામકાજના એક દિવસ પહલાની રહશે. બિડ-ઓફર બંધ થવાની તારીખ ગુરૂવાર, ૧૭ ઓક્ટોબર, ૨૦૨૪ રહશે.

ઓફરની પ્રાઈઝબેન્ડ પ્રત્યેક ઈક્વિટી શેર દીઠ રૂા. ૧,૮૬૫થી રૂા. ૧,૯૬૦ નક્કી કરવામાં આવી છે. બિડસ લઘુત્તમ ૭ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૭ ઈક્વિટી શેર્સનાં ગુણાંકમાં કરી શકાશે. કંપનીના આઈપીઓમાં **Hyundai Motor Company (the "Promoter Selling Shareholder")** ના ૧૪૨,૧૯૪,૭૦૦ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણની ઓફરનો સમાવેશ થાય છે. કંપની ઓફરમાંથી કોઈ રકમ મેળવવાની નથી.




અમારી કંપનીના ઈક્વિટી શેર્સ બીએસઈ લિમીટેડ **("BSE")** અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા **("NSE", togaher with BSE, the "Stock Exchanges")** પર લિસ્ટ કરવાની યોજના છે. કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમીટેડ સીટીગ્રુપ ગ્લોબ માર્કેટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ, એચએસબીસી સિક્યોરીટીઝ એન્ડ કેપિટલ માર્કેટ્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમીટેડ, જે.પી. મોર્ગન ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ અને મોર્ગન સ્ટેનલી ઈન્ડિયા કંપની પ્રાઈવેટ લિમીટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ **("BRLMs")** છે. વધુ વિગતો માટે વેબસાઈટએ **Indai.co.in** ની મુલાકાત લો.

# દેલવાડા નજીક મોટર સાયકલ અને બોલેરો વચ્ચે અકસ્માતમાં એકનું મૃત્યુ : બે ને ઈજા

ઊના તા. ૧૨

દેલવાડા નવાબંદર રોડ ઉપર બોલેરો ચાલકે ટ્રિપલ સવારી વાળા મોટર સાયકલને ટક્કર મારતા ઊના ગરબી જોવા જતા ત્રણ યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી અને એકનું મોત થયેલ છે. આ બનાવની વિગત એવી છે કે, ઊના તાલુકાના નવાબંદર ગામના ગ્રાહકો દિવ્યેશ ભાઈ ઉર્ફે દિનેશભાઈ બાબુભાઈ બાંભણિયા અને તેમના મિત્રો મહેશભાઈ જીવાભાઈ બાંભણિયા રે. નવાબંદર, વિકાસભાઈ ધીરૂભાઈ બાંભણિયા રે. નવાબંદર વાળા ગઈકાલે રાત્રે ઊના ગરબી જોવા મોટર સાયકલ નંબર GJ -32-AC 0476 ઉપર ત્રિપલ સવારીમાં જતા હતા ત્યારે રામપરા ગામના પાટિયા પાસે પેટ્રોલ પંપની આગળ પહોંચેલ ત્યારે સામેથી એક બોલેરો ગાડી નંબર GJ - 32T -1815 ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી મોટર સાયકલને આગળના ભાગે ટક્કર મારતાં ત્રણેય યુવાનો મોટરસાયકલ સાથે રોડ ઉપર



ફંગોળાઈ પડી ગયા હતા. અને રોડ ઉપર પડેલ દિનેશભાઈને જમણા પગમાં ફેક્ચર અને શરીરે ઈજાઓ પહોંચી હતી તેમજ તેમના મિત્રો વિકાસ ધીરૂભાઈ અને મહેશભાઈ જીવાભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્રણેયને ૧૦૮માં ઊના હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં વિકાસ ધીરૂભાઈ બાંભણિયા રે. નવાબંદરનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જ્યારે મહેશભાઈ આઈ.સી.યું.માં સારવાર હેઠળ છે. આ અંગે ઊના પોલીસમાં દિવ્યેશ ઉર્ફે દિનેશભાઈ બાબુભાઈ બાંભણિયા રે.નવાબંદરવાળાએ બોલેરો ગાડીના ચાલક સામે અકસ્માત કરી મોત નીપજાવી ઈજાઓ કરી બોલેરો ગાડી મૂકી નાસી ગયાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી તપાસ પી.એસ.આઈ. આર.પી. જાદવ કરી રહ્યા છે.

# ગીર સોમનાથ પોલીસ દળ દશેરાએ પરંપરાગત શસ્ત્ર પૂજન કરશે

**વિજયા દશમીએ પ્રજા સુરક્ષા માટેના મહત્વના રક્ષા કચવમાં સદાય અડીખમ સાથીદાર એવા શસ્ત્રોનું વિધીવત પૂજન -અર્ચન કરાશે**



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૨

વિજયા દશમી એટલે શકિતનું મહાપર્વ. આ પર્વ પ્રજાના જાન-માલની સુરક્ષા માટે રક્ષા કવચમાં સદાય અડીખમ સાથે રહેતા શસ્ત્રોનું પૂજન સેના અને પોલીસ દળમાં પ્રતિવર્ષ કરાય છે.

ગીર સોમનાથ જીલ્લા વડામથક ઈણાજ ખાતે જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના અધ્યક્ષપદે શસ્ત્રપૂજનનાં કાર્યક્રમનું આયોજન કરાયેલ છે. જેમાં વેરાવળ, પ્રભાસ પાટણ, સોમનાથ મંદિર સુરક્ષા, સુત્રાપાડા, તાલાળા, સોમનાથ મરીન સહિતના પોલીસ સ્ટેશનોના અધિકારીઓ આ શસ્ત્ર પૂજામાં ભાગ લેશે.

જયારે ઉના ખાતે ઉના, ગીરગઢડા, કોડીનાર, નવાબંદર પોલીસ વિભાગ ભાગ લેશે. શસ્ત્રોનું પવિત્ર વેદમંત્રોચ્ચાર સાથે ચંદન તિલક કરી પુષ્પહાર સાથે શસ્ત્ર સન્માન કરવામાં આવશે. શાસ્ત્રોમાં શસ્ત્રપૂજાનું અનેરૂં મહત્વ અપાયેલ છે.

# સુદર્શન સેતુ વિકસિત દેવભુમિ દ્વારકા જીલ્લાનું પ્રતિક, જીલ્લાની યશ કલગીમાં એક મોરપીંછ સમાન આઈકોનિક સ્થળ

**વ્યુઈંગ ગેલેરી, ભગવદગીતાના શ્લોક, મોર પંખ, ફૂટ પાથ સહિત અનેક આકર્ષણયુક્ત અંદાજિત રૂ.૯૭૮.૯૩ કરોડના ખર્ચે બનેલ સુદર્શન સેતુ થકી જિલ્લામાં પ્રવાસનને વેગ મળ્યો**





**વડાપ્રધાનશ્રીના વિઝનથી ઓખા અને બેટ-દ્વારકાને જોડતા સમુદ્ર પરનાં કેબલ આધારિત 'સુદર્શન સેતુ'નું નિર્માણ થયું**

દ્વારકા, તા.૧૨

ખાસ લેખ: ભાર્ગવ કે. ભંડેરી

'ઓખો તો દુનિયાથી નોખો કહેવાય...' આ છેવાડાનું નગર ઓખા કે જે દેશના પશ્ચિમ ખુણે આવેલું છે, ત્યાં પ્રાથમિક સુવિધાઓ પહોંચે તે પણ ભુતકાળમાં સિદ્ધિ મનાતી તેવા વિસ્તારમાં સમુદ્ર પર કેબલ બ્રિજ બનાવાશે એવી તો કલ્પના પણ કોને હોય? ૧૩-૧૪ વર્ષ જેટલા સમય પહેલાં દેશનું આર્થિક પાટનગર ગણાતાં અને સંસાધનયુક્ત મુંબઈમાં બાન્દ્રા-વર્લી સી લિંક કેબલ બ્રિજ ચાલુ થયો ત્યારે આવો કેબલ બ્રિજ ગુજરાતના દેવભુમિ દ્વારકા જિલ્લામાં બને તેવો કોઈને સપને પણ વિચાર ન હોય. પરંતુ, શ્રીકૃષ્ણના સાંનિધ્યથી પાવન બનેલી આ ભુમિ સાથે સંકળાયેલી યાત્રાળુઓની શ્રદ્ધાને વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ અનુભવી અને સપનું સેવ્યું સુદર્શન બ્રિજનું, એવો બ્રિજ કે જે શ્રદ્ધાના કેન્દ્ર એવા બેટ દ્વારકા ટાપુને ઓખાની અને ગુજરાતનીન મુખ્ય ભુમિ સાથે જોડે. ચારધામમાંનું એક એવું જગત મંદિર દ્વારકામાં આવેલું છે, તેનાં દર્શને આવતાં દેશ વિદેશના શ્રદ્ધાળુઓને બેટ દ્વારકા પર આવેલા કેશવરાયજી મંદિર અને હનુમાન દંડી જેવા ઐતિહાસિક મહત્વ ધરાવતા મંદિરોના દર્શન કરવા માટે બોટ/ફેરી પર નિર્ભર રહેવું પડતું હતું અને ઘણો સમય પણ લાગતો હતો. આ નિર્ભરતા દુર થાય અને બેટ દ્વારકા ટાપુને મુખ્ય ભુમિ સાથે જોડે તેવો બ્રિજ બને તે વડાપ્રધાનશ્રીનું વિઝન હતું, આ માટે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમ્યાન તેઓશ્રીએ તત્કાલીન યુ.પી.એ.ની કેન્દ્ર સરકાર પાસે પ્રસ્તાવ પણ મુકેલો.

વર્ષો બાદ સુદર્શન સેતુના આ વિઝનને તેમના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ૨૦૧૬માં સૈદ્ધાંતિક મંજૂરી આપી. ૨૦૧૭માં ઓખાથી બેટ દ્વારકા સુધીના આ બ્રિજનું નિર્માણકાર્ય શરૂ થયું અને ૨૦૨૪માં ઓખા અને બેટ દ્વારકાને જોડતા દેશના સૌથી લાંબા કેબલ બ્રિજનું વડાપ્રધાનના હસ્તે ઉદઘાટન થયું. આ પુલ એક સુવિધામાત્ર નહિં, પરંતુ એન્જીનીયરીંગનો એક કમાલ છે, એથી વધુ ગુજરાતની ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની શ્રદ્ધાનું પ્રતિક છે. દ્વારકાધીશના દર્શન ને સરળ બનાવતો આ સેતુ દ્વારકા નગરીની દિવ્યતામાં ચારચાંદ લગાવે છે. ઉલ્લેખનીય છે કે બાન્દ્રા-વર્લી સી લિંક કેબલ બ્રિજથી આ બ્રિજ લાંબો છે, વળી આ બ્રિજમાં ફુટપાથ,સાઈકલ રસ્તો, ગોલ્ફ કારનો રસ્તો પણ છે. સુદર્શન સેતુના નિર્માણ થકી દેવભૂમિ દ્વારકા જિલ્લાની યશકલગીમાં એક મોરપીંછ ઉમેરાયું છે. પ્રવાસનના વિકાસ થકી બેટ-દ્વારકા તેમજ ઓખામાં નવી રોજગારીનું સર્જન થતાં ગરીબ તથા મધ્યમ વર્ગ માટે આર્થિક ઉન્નતિનો માર્ગ મોકળો બન્યો છે. સુદર્શન સેતુને કારણે ભાવિકોનો સમય બચવા સાથે સુવિધાઓમાં પણ વધારો થયો છે. સુદર્શન સેતુની લંબાઈ ૨.૩૨ કીલોમીટર છે, જેમા ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ છે. બ્રિજના મુખ્ય ગાળામાં બંને પાયલોન પર ૨૦૮૧૨ મીટરના ૪ મોરપંખ આકારવામાં આવ્યાં છે. ઓખા તરફ ૩૭૦ મીટર લંબાઈનો એપ્રોચ બ્રિજ, બેટ તરફ ૬૫૦ મીટર એપ્રોચ બ્રિજ છે. બ્રીજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઊંચાઈ ધરાવતા બે પાયલોન છે. આ ચાર માર્ગીય બ્રીજની પહોળાઈ ૨૭.૨ મીટર છે, જેમાં બન્ને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ છે. ફુટપાથની બાજુ પર કોતરણી કામ કરી ભગવદગીતાના શ્લોક તેમજ ભગવાન શ્રીકૃષ્ણની છબીઓ દર્શાવવામાં આવી છે. ફૂટપાથ ઉપર લગાવેલ સોલાર પેનલની ૧ મેગાવોટની વિજળી ઉત્પાદનક્ષમતા છે, જેનો ઉપયોગ બ્રીજના લાઈટીંગમાં થય છે. બ્રીજ ઉપર કુલ ૧૨ લોકેશન ઉપર પ્રવાસીઓ માટે વ્યુઈંગ ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# દિવાળી શારદા પુજન ચોપડા ખરીદવા માટેના શુભ મુર્હુતો

જૂનાગઢ શહેર તથા જૂનાગઢ જિલ્લામાં આદરણીય સ્થાન ધરાવતા વૈષ્ણવ સંપ્રદાય તેમજ સ્વામીનારાયણ સંપ્રદાયના જ્યોતિષી શ્રી દિનેશકુમાર અનંતરાય ભટ્ટએ (જૂનાગઢ નિવાસી) દશેરા (વિજયા દશમી), શરદપુનમ તેમજ પૂષ્યયોગ, ધનતેરશ, શારદાપુજન તેમજ ચોપડા ખરીદવાના શુભ મુહુર્તો આપેલા છે. જૂનાગઢ પ્રસિધ્ધ જ્યોતિષ શ્રી દિનેશકુમાર અનંતરાય ભટ્ટએ જૂનાગઢના પ્રસિધ્ધ કાગદી પુજા સ્ટેશનર્સ, માલીવાડા રોડ, જૂનાગઢના પ્રયાસોથી નીચે મુજબ આપેલા છે.

**(૧) દશેરા (વિજયા દશમી) :**

સંવત ૨૦૮૦ આસો સુદી નોમ, શનિવાર, તા. ૧૨-૧૦-૨૦૨૪ ના રોજ દશેરા (વિજયા દશમી) મનાવવામાં આવશે. વેપારી વર્ગ દેવમંદિર તેમજ ક્ષત્રિઓએ આ દિવસે સમીપૂજન કરવું. દશેરા (વિજયા દશમી) ના ચોપડા ખરીદવા તેમજ ઓર્ડર આપવાના શુભ મુર્હુતો સવારે ૮ કલાક ૧૧ મિનીટથી સવારે ૯ કલાક ૩૯ મિનીટ સુધી શુભ ચોઘડીયું, ત્યારબાદ બપોરે ૧૨ કલાક ને ૩૫ મિનીટથી સાંજના ૪ કલાક ૫૯ મિનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયા, ત્યારબાદ સાંજે સૂર્યાસ્ત પછી સાંજે ૬ ને ૨૩ મિનીટથી રાત્રે ૭ કલાક ૫૫ મિનીટ સુધી લાભ ચૌથડીયું, તેમજ રાત્રે ૮ કલાક ૨૭ મિનીટથી રાત્રે ૯ કલાક ૫૯ મિનીટ સુધી શુભ ચોઘડીયું.

**(૨) શરદપુનમ :-**

સંવત ૨૦૮૦ આસો સુદી ચૌદસ બુધવારે તા. ૧૬-૧૦-૨૦૨૪ ના રોજ શરદપૂનમ મનાવવામાં આવશે. ચોપડા ખરીદવા તેમજ ઓર્ડર આપવાના શુભ મુર્હુતો વહેલી સવારે ૬ ને ૪૫ મિનીટથી સવારે ૯ કલાક ૩૯ મીનીટ સુધી લાભ તેમજ અમૃત ચોવડીયા, ત્યારબાદ બપોરે ૧૧ કલાક ૬ મિનીટથી બપોરના ૧૨ કલાક ૩૩ મિનીટ સુધી શુભ ચોઘડીયું. ત્યારબાદ બપોરે ૩ કલાક ૨૭ મિનીટથી સાંજે ૬ કલાક ૨૧ મિનીટ સુધી ચલ તેમજ લાભ ચોઘડીયું, ત્યારબાદ રાત્રે ૭ કલાક ૫૪ મિનીટથી રાત્રે ૧૨ કલાક ૨૩ મિનીટ સુધી શુભ, અમૃત તેમજ ચલ ચોઘડીયા.

**(૩) પુષ્ય નક્ષત્ર :-**

સંવત ૨૦૮૦ આસો વદી આઠમ ગુરૂવાર તા. ૨૪-૧૦-૨૦૨૪ ના રોજ પુષ્ય નક્ષત્ર છે. ચોપડા ખરીદવા તેમજ ઓર્ડર આપવાના શુભ મુર્હુતો સવારે ૬ કલાક ૫૦ મીનીટથી સવારે ૮ કલાક ૧૫ મીનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ બપોરે ૧૧ કલાક ૫ મીનીટથી બપોરે ૩ કલાક ૨૦ મિનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયા. ત્યારબાદ બપોરે ૪ ને ૪૦ મિનીટથી રાત્રે ૯ કલાક ૧૫ મિનીટ સુધી શુભ, અમૃત તેમજ ચલ ચોઘડીયા.

**(૪) ધનતેરસ :-**

લક્ષ્મીપુજન ચોપડા ખરીદવા ગાદી બીછાવવા વગેરેના શુભ મુર્હુતો. સંવત ૨૦૮૦ આસો વદી બારસ મંગળવાર તા. ૨૯-૧૦-૨૦૨૪ ના રોજ ધનતેરસ મનાવવામાં આવશે. ધનતેરસનો પ્રારંભ મંગળવારે સવારે ૧૦ કલાક ૩૨ મીનીટ પછી થાય છે. જે બીજે દિવસે બુધવારે બપોરના ૧ કલાક ૧૬ મિનીટ સુધી રહેનારી છે. પોતાની પરંપરા પ્રમાણે ધનતેરસની પુજા કરવી. મંગળવારે ધનતેરસના મુહુર્તો સવારે ૧૦ કલાક ૩૨ મિનીટથી બપોરે ૧ કલાક ૫૫ મિનીટ સુધી ચલ ચોઘડીયાના અમુક ભાગ તેમજ લાભ, અમૃત ચોઘડીયા બપોરે ૩ ને ૨૦ મિનીટથી બપોરે ૪ કલાક ૪૫ મિનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ સાંજે સુર્યાસ્ત પછી ૭ કલાક ૪૫ મિનીટથી રાત્રે ૯ કલાક ૨૦ મિનીટ સુધી લાભ ચોઘડીયું. ત્યારબાદ રાત્રે ૧૦ કલાક ૫૫ મિનીટથી મોડી રાત્રીના ૩ કલાક ૪૦ મિનીટ સુધી શુભ અમૃત તેમજ ચલ ચોઘડીયા. ત્યારબાદ વહેલી સવારે સુર્યોદય પછી ૬ કલાક ૫૦ મિનીટથી ૯ કલાક ૪૦ મિનીટ સુધી લાભ તેમજ અમૃત ચોઘડીયું. ત્યારબાદ સવારે ૧૧ કલાક ૫ મિનીટથી ૧૨ કલાક ૩૦ મિનીટ સુધી શુભ ચોઘડીયું.

**દિવાળી :-**

**(૫) દિપોત્સવી શારદા પુજન વગેરેના શુભ મુર્હુતો ::-**

(આ દિવસે કાળી ચૌદશ મનાવવામાં આવશે)

સંવત ૨૦૮૦ આસો વદી ચૌદશ ગુરૂવાર તા. ૩૧-૧૦-૨૦૨૪ ના રોજ અમાસનો પ્રારંભ બપોરના ૩ કલાક ૫૩ મિનીટથી અમાસનો પ્રારંભ થાય છે. જે બીજા દિવસે આસો વદી અમાસ શુક્રવાર તા.૧-૧૧-૨૦૨૪ ના સાંજના ૬ કલાક ૭ મિનીટ સુધી દિવાળી રહેનારી છે. શાસ્ત્રીય રીતે ગુજરાત, કેરાલાનો પશ્ચિમ ભાગ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ વગેરેમાં તા.૩૧-૧૦-૨૦૨૪ ના રોજ દિવાળી મનાવવામાં આવશે. ભારતના બાકીના પુર્વ ભાગમાં તા.૧-૧૧-૨૦૨૪ ના રોજ લક્ષ્મીપુજન કરવું. ગુજરાતમાં પ્રદોષ વ્યાપની અને નિશીતકાળની અમાવસ્યા હોવાથી ગુરૂવારે લક્ષ્મીપુજન કરવું. દિવાળીના શુભ મુર્હુતો ગુરૂવારે સાંજે ૪ કલાક ૪૫ મિનીટથી સાંજે ૬ કલાક ૧૦ મિનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ ગુરૂવારના સુર્યાસ્ત પછી સાંજે ૬ કલાક ૧૦ મિનીટથી રાત્રે ૯ કલાક ૨૦ મિનીટ સુધી અમૃત તેમજ ચલ ચોઘડીયુ. ત્યારબાદ રાત્રે ૧૨ કલાક ૩૦ મિનીટથી મોડી રાત્રે ૨ કલાક ૫ મિનીટ સુધી લાભ ચોઘડીયું, ત્યારબાદ મોડી રાત્રે ૩ કલાક ૪૦ મિનીટથી વહેલી સવારના ૬ કલાક ૫૦ મિનીટ સુધી શુભ તેમજ અમૃત ચોઘડીયા. ત્યારબાદ બીજે દિવસે શુક્રવારના સુધર્યોદય પછી વહેલી સવારે ૬ કલાક ૫૦ મિનીટથી બપોરે ૧૧ કલાક ૫ મિનીટ સુધી ચલ, લાભ, તેમજ અમૃત ચોઘડીયા. ત્યારબાદ બપોરે ૧૨ કલાક ૩૦ મિનીટથી બપોરના ૧ કલાક ૫૫ મિનીટ સુધી શુભ ચોઘડીયું. ત્યારબાદ બપોરના ૪ કલાક ૪૫ મિનીટથી સાંજે ૬ કલાક ૭ મિનીટ સુધી ચલ ચોઘડીયું પોતાની પરંપરા પ્રમાણે ચોપડા પુજન કરવું. પ્રદોષકાળ પ્રમાણે ગુરૂવારે સાંજે ૬ કલાક ૧૦ મિનીટથી રાત્રે ૯ કલાક ૩ મિનીટ સુધી પ્રદોષકાળ છે. પ્રદોપકાળનો સમય શ્રેષ્ઠ ગણાય છે. તેમજ વૃષભ લગ્ન પ્રમાણે સાંજે ૭ કલાકથી રાત્રે ૮ કલાક ૫૮ મિનીટ સુધી વૃષભ લગ્ન, ચોપડા પુજન માટે શ્રેષ્ઠ ગણાય છે.

**(૬) નુતન વર્ષ :-**

સંવત ૨૦૮૧ કારતક સુદ એકમ શનિવાર તા. ૨-૧૧-૨૦૨૪ ના રોજ નૂતન વર્ષ મનાવવામાં આવશે. સંવત ૨૦૮૧ નૂતનવર્ષ ચોપડામાં મિતી પધરાવવાના મુહુર્તો સવારે ૮ કલાક ૧૫ મિનીટથી સવારે ૯ કલાક ૪૦ મિનીટ સુધી શુભ ચોઘડીયું.

**(૭) ભાઈ બીજ :-**

સંવત ૨૦૮૧ કારતક સુદ બીજ રવિવાર તા. ૩-૧૧-૨૦૨૪ ના રોજ ભાઈ બીજ મનાવવામાં આવશે.

**(૮) લાભ પંચમી :-**

સંવત ૨૦૮૧ કારતક સુદ પાંચમ બુધવાર તા. ૬-૧૧-૨૦૨૪ ના રોજ લાભપંચમી મનાવવામાં આવશે.

**(૯) જલારામ જયંતિ :-**


સંવત ૨૦૮૧ કારતક સુદ સાતમ શુક્રવાર તા.૮-૧૧-૨૦૨૪ ના રોજ જલારામ જયંતિ મનાવવામાં આવશે.

નોંધ: દશેરા, શરદપૂનમ, પુષ્યનક્ષત્ર, ધનતેરસ, દિવાળી, નુતન વર્ષ વગેરેના શુભ મુહુર્તો જૂનાગઢના પ્રખ્યાત જયોતિથી દિનેશકુમાર અનંતરાય ભટ્ટ એ સુર્યોદય, સુર્યાસ્તની ગણતરી કરીને આપેલા છે. તેમજ પ્રદોષકાળ પ્રમાણે વૃષભ લગ્ન ગણતરી પૂર્વક આપેલ છે.

વધુ વિગત માટે જૂનાગઢના કાગદી પૂજા સ્ટેશનર્સ,
માલીવાડા રોડ, જુની સેન્ટ્રલ બેંકની સામે
જૂનાગઢવાળા હિતેષભાઈ પારેખનો
( મો.૯૯૦૪૦ ૩૪૨૧૧) સંપર્ક કરવો.

# રૂમ ઝુમ રથડો આવ્યો માં ખોડલનો : ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં આઠમા નોરતે માં ખોડલના વધામણા

## આઠમાં નોરતે માં ખોડલની મહાઆરતી કરવામાં આવી : માતાજીના સ્વરૂપમાં સજ્જ થયેલી દીકરીઓ રથમાં બિરાજી : આતશબાજીથી અલૌકિક અને અદ્દભુત દ્રશ્યો સર્જાયા






(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાતભરમાં કૂલ ૩૭ જગ્યાએ નવરાત્રિ મહોત્સવનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટ શહેરના ચાર અલગ અલગ ઝોનમાં ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવ ચાલી રહ્યો છે. જેમાં દરરોજ હજારો ખેલૈયાઓ ગરબે ઘુમીને મા ખોડલની આરાધના કરી રહ્યા છે. ત્યારે તારીખ ૧૦ ઓક્ટોબરના રોજ આઠમના નોરતે ચારેય ઝોનના નવરાત્રિ મહોત્સવમાં મા ખોડલની મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને સાત દીકરીઓ માતાજીના વેશમાં પધારતા અદભુત અને અલૌકિક વાતાવરણ સર્જાયું હતું. રાજકોટ શહેરમાં આયોજિત શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ-નોર્થ ઝોનમાં આઠમના દિવસે મા ખોડલની મહાઆરતી સાથે આતશબાજી કરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મા ખોડલ સહિત સાતેય બહેનોના વેશ ધારણ કરીને સાતેય દીકરીઓને રથમાં બેસાડીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. માતાજીના સ્વાગત માટે ખાસ નાસિક ઢોલની ટીમ દ્વારા ઢોલ અને ત્રાસા વગાડીને માતાજીના વધામણા કરવામાં આવ્યા હતા. સાતેય માતાજી રથમાં બિરાજમાન થઈને સ્ટેજ સુધી પહોંચ્યા હતા અને ત્યારબાદ આતશબાજી કરવામાં આવી હતી. આમ સમગ્ર મેદાનમાં ભક્તિમય વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું. આ તરફ શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- વેસ્ટ ઝોનમાં પણ આઠમ નિમિત્તે મા ખોડલની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ સુશોભિત રથમાં માતાજીના વેશમાં સાતેય દીકરીઓ બિરાજમાન થઈને સ્ટેજ સુધી પહોંચી હતી અને ભવ્ય આતશબાજી કરતાં અલૌકિક અવકાશી નજારો જોવા મળ્યો હતો.

શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- ઈસ્ટ ઝોનમાં પણ આઠમા નોરતે માતાજીની મહાઆરતીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શણગારેલા રથમાં માતાજીના સ્વરૂપમાં સજ્જ થયેલી સાતેય દીકરીઓ બિરાજી ગ્રાઉન્ડમાં સૌને દર્શન આપ્યા હતા. ભવ્ય આતશબાજી સાથે આ રથ સમગ્ર ગ્રાઉન્ડમાં ફર્યો હતો અને ભગવા ધ્વજ લહેરાવી ખેલૈયાઓએ માતાજીના વધામણા કર્યા હતા. શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- સાઉથ ઝોનમાં પણ આઠમા નોરતે માતાજીની મહાઆરતી કરવામાં આવી હતી અને ત્યારબાદ ખેલૈયાઓ દેશભક્તિની થીમ પર ગરબે રમી માતાજીની આરાધનાની સાથે સાથે દેશભક્તિ પણ ઉજાગર કરી હતી.

### ઓકટોબર : ''સ્તન કેન્સર જાગૃતિ માસ''

# ૨૫% સ્તન કેન્સર ૫૦ વર્ષથી નાની ઉંમરની મહિલાઓમાં જોવા મળે છે : ડો.દિવ્યા સિંઘ

## મેમોગ્રાફી દ્વારા સ્તન કેન્સરનું સચોટ નિદાન થઈ શકે : ડો.નિશા ઘોડાસરા



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૨

સ્તન કેન્સર એ ભારતીય મહિલાઓમાં સૌથી વધુ જોવા મળતુ કેન્સર છે. જેના આંકડા પ્રતિદિન વધી રહ્યા છે. ભારતમાં દર ૪ મિનિટે એક સ્ત્રીમાં સ્તન કેન્સરનુ નિદાન થાય છે જયારે દર ૧૩ મિનિટે એક સ્ત્રી સ્તન કેન્સરથી મૃત્યું પામે છે, જે અત્યંત ચિંતાજનક વિષય છે. આથી જ ઓકટોબર મહિનાને વિશ્વસ્તરે ''સ્તન કેન્સર જાગૃતિ માસ'' તરીકે ઉજવવામાં આવે છે, જેથી આ કેન્સર માટે જવાબદાર પરિબળો વિશે જન જાગૃતી કેળવીને તેને થતું અટકાવી શકાય તેમજ શરૂઆતના સ્ટેજમાં નિદાનની ''સ્ક્રીનીંગ'' પધ્ધતીઓના બહોળા પ્રચારથી તેને વહેલી સારવાર આપી દર્દીને કેન્સરમુકત કરી શકાય છે. રાજકોટ કેન્સર સોસાયટીના(નાથાલાલ પારેખ કેન્સર ઈન્સ્ટીટયુટ) ઓન્કો રેડીયોલોજીસ્ટ ડો.દિવ્યા સિંઘ એ જણાવેલ કે સ્તન કેન્સર સામાન્ય રીતે ૫૦-૬૦ વર્ષની સ્ત્રીઓમાં જોવા મળે છે. પરંતુ તે નાની વયની સ્ત્રીઓમાં તેમજ પુરૂષોમાં પણ થઈ શકે છે. આ માટે જવાબદાર કારણોમાં મુખ્યત્વે મોટી ઉંમરે માતૃત્વ, બાળકોને સ્તનપાન ના કરાવવું, મેદસ્વિતા, બિન આરોગ્યપ્રદ ખોરાક, ઉંઘનો અભાવ, બેઠાળુ જીવન, અમુક અંતઃસ્ત્રાવી દવાઓનો ઉપયોગ, ધુમ્રપાન કે દારૂનું સેવન તેમજ આનુવંશિક પરિબળોનો સમાવેશ થાય છે. સ્તન કેન્સરની સ્ક્રીનીંગ પધ્ધતીઓ, કે જે રોગના લક્ષણ રહિત વ્યકિતઓમા ખુબ શરૂઆતના સ્ટેજમાં કેન્સરનું નિદાન શકય બનાવે છે. તેમાં સ્તન સ્વ પરિક્ષણ, સમયાંતરે તબીબી પરિક્ષણ તથા મેમોગ્રાફીનો સમાવેશ થાય છે તથા સારવારની પધ્ધતીમાં મુખ્યત્વે સર્જરી, રેડિયોથેરાપી અને સીસ્ટેમીક થેરાપી (કીમોથેરાપી, ઈમ્યુનોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી)નો સમાવેશ થાય છે. ૪૦ વર્ષ કે તેથી વધુ ઉંમરની મહિલાઓએ વર્ષે એક વાર મેમોગ્રાફી તપાસ કરાવવી જોઈએ. રાજકોટ કેન્સર સોસાયટીના ઓન્કો રેડીયોલોજીસ્ટ ડો.નિશા ઘોડાસરાએ જણાવેલ હતું કે, સ્તનમાં જે ગાંઠો થાય છે તેમાંથી ૮૦% ગાંઠો બીન કેન્સરયુકત હોય છે. તેમાં સાદી ગાંઠો અને કેન્સરયુકત ગાંઠો જોવા મળે છે. જેમ કે સાદી ગાંઠ હોય તો માસીક ઋતુચક્ર સાથે સ્તન ના કદમાં ફેરફાર થાય તેમજ દુઃખાવો થવો, ગાંઠને હાથથી પકડી ન શકાય, અડવાથી પોચી અને લીસી લાગે, ગાંઠનું કદ વર્ષો સુધી વધતુ નહોય, સ્તનની ચામડી કે ડીટળીમાં કોઈ ફેરફાર થતો નથી જે સાદી ગાંઠના લક્ષણો છે.

જો કેન્સરયુકત ગાંઠ હોય તો સ્તનના કદમાં ફેરફાર થાય છે પરંતુ દુઃખાવો થતો નથી, ગાંઠને હાથ વડે પકડી શકાય છે અને ફીકસ રહે છે, ગાંઠ ખરબચડી અને સખત હોય છે, ગાંઠની સાઈઝ મહિનાઓમાં લગભગ ડબલ થાઈ જાય છે, સ્તનની ચામડીનો રંગ નારંગી થઈ જાય છે અને ડીંટળી અંદર તરફ ધસી જાય છે, ડીંટળીમાંથી લોહી તથા પરૂ જેવું ચીકણું પ્રવાહી વહે છે જે કેન્સરયુકત ગાંઠના લક્ષણ છે. વધુમાં જણાવેલ કે જો પરીવારમાંથી કોઈને સ્તન કેન્સર હોય તો તે વારસાગત પણ આવવાની શકયતા રહે છે. જયારે સ્તનની સાઈઝ વધારે હોય તેવા કિસ્સામાં પણ કેન્સર થવાની શકયતાઓ રહે છે. જો સ્તન કેન્સરનું વહેલું નિદાન થાય અને તેની સારવાર કરવામાં આવે તો મૃત્યુ થવાની શકયતાઓ ઓછી થાય છે અને દર્દીનું જીવન બચાવી શકાય છે. સ્તન કેન્સરના લક્ષણોમાં સ્તનની ત્વચા ખરબચડી થવી, સાઈઝમાં ફેરફાર થવો, નરી આંખે જોઈ શકાય તેવી ગાંઠો દેખાવી, સ્તનમાંથી ગાંઠો થવી, બગલમાં ગાંઠો થવી, સ્તનનો કલર બદલવો, ડીંટળી અંદર તરફ ધસી જવી, સ્તનમાંથી લોહી પડવું વગેરે લક્ષણો છે. જો શરૂઆતી તબકકામાં જ તેનું યોગ્ય નિદાન અને સારવાર કરવામાં આવે તો તેને વધવાથી અટકાવી શકાય છે. તેના માટે સમયસર સ્ક્રીનીંગ કરાવવું ખુબ જ જરૂરી છે. જો ઉપરોકત કોઈપણ લક્ષણ જોવા મળે તો તુરંત તબીબની સલાહ લઈ સારવાર શરૂ કરવી જોઈએ.

## ખંભાળિયામાં પાલિકા દ્વારા ચાલતા જાહેર નવરાત્રી મહોત્સવમાં સાંસદ પૂનમબેન સહભાગી થયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા નગરપાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અહીંના રેલવે સ્ટેશન રોડ ઉપર જ્ઞાતિની વાડી ખાતે પરંપરાગત રાસ ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર જનતા માટે વિના મૂલ્યે કરવામાં આવેલા આ રાસ ગરબાના આયોજનના આકર્ષક રોશની અને સાઉન્ડ સિસ્ટમ તેમજ ડેકોરેશન સાથે તમામ નવ દિવસ પ્રાચીન રાસ-ગરબાનો લાભ મોટી સંખ્યામાં ગરબા શોખીન મહિલાઓ, બહેનોએ લીધો હતો. આ ગરબા મહોત્સવમાં તાજેતરમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ ખાસ મુલાકાત લીધી હતી. આ સાથે ગત રાત્રે અહીંના સાંસદ પૂનમબેન માડમ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મહિલાઓ સાથે રાસ ગરબા લીધા હતા. આ ઉપરાંત અહીં બાળાઓને આકર્ષક સ્મૃતિ ભેટ આપીને પ્રોત્સાહિત પણ કર્યા હતા. તેમની સાથે નગરપાલિકાના પ્રમુખ રચનાબેન




મોટાણી, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, રેખાબેન ખેતિયા, નિમિષાબેન નકુમ, ગીતાબા જાડેજા, ઈન્દ્રજીતસિંહ પરમાર, યોગેશભાઈ મોટાણી સહિતના આગેવાનો, કાર્યકરો તેમજ પાલિકાના સદસ્યો જોડાયા હતા. આ સમગ્ર આયોજન શહેરભરમાં સરાહનીય બની રહ્યું હતું.

# વિજયાદશમી(દશેરા) નિમિતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને ટ્રેડીશનલ વાઘાનો ગરબા-શ્રીફળનો દિવ્ય શણગાર ધરાવાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૨

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથીઅધર્મ ઉપર ધર્મની જીતનુ પ્રતિક, બુરાઈ ઉપર અચ્છાઈની જીતનું પ્રતિક છે વિજયાદશમી(દશેરા). પૌરાણિક કથાઓ મુજબ શ્રીરામે લંકાપતિ રાવણનો વધ કર્યો હતો અને ત્યારબાદથી દર વર્ષે આ દિવસને દશેરાના રૂપમાં ઉજવાય છે. વિજયાદશમી(દશેરા) નિમિતે તા.૧૨-૧૦-૨૦૨૪ને શનિવારે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને ટ્રેડીશનલ વાઘાઅને દાંડિયા -શ્રીફળનો શણગાર કરવામાં આવ્યો હતો. સવારે મંગળા તથા શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. દાદાના દર્શન-આરતી કરી ભકતોએ ધન્યતા અનુભવી હતી. આજે વિજયા દશમી નિમિત્તે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે અસત્ય પર સત્યના વિજયના પર્વ વિજયા દશમી નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને ગોંડલમાં બે દિવસની મહેનતે તૈયાર થયેલા શ્રીરામ ભગવાનની થીમવાળા વાઘા પહેરાવ્યા છે. હનુમાનજીના સિંહાસને નાળિયેર, માટલી અને ગુલાબના ફુલનો શણગાર કરાયો છે. આજે સાંજે હનુમાનજીનું રાજોપચાર પૂજન અને તેમની સમક્ષ શસ્ત્ર પૂજન પણ કરાશે.

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
• ૧૦૦% પ્રેકટીકલ
• સરળ ભાષામાં શિક્ષણ
• હોસ્ટેલ સુવિધા
• બસસ્ટેશનથી નજીક
• રેલ્વે સ્ટેશનથી નજીક
• ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com


Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૯૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ (મું. વડાલ વાળા)



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
શરૂ થઈ રહ્યો છે ભારતનો સૌથી વિશાળ
શૉપિંગ ફેસ્ટિવલ
AHMEDABAD
SHOPPING FESTIVAL
Something for everyone!
12th Oct, 2024 to 14th Jan, 2025 (દશેરાથી ઉત્તરાયણ સુધી)
માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
વરદ્હસ્તે ઉદ્ઘાટન
12 ઑક્ટોબર 2024, શનિવાર | સાંજે 6 વાગે
મોન્ટે કાર્લો ઑક્સિજન પાર્ક પાસે, સિંધુ ભવન રોડ, અમદાવાદ
4 ખાસ શૉપિંગ ડિસ્ટ્રિક્ટ્સ
14 મનોરંજક હૉટસ્પૉટ્સ
05 રોમાંચક થીમ્સ
1000+ સ્ટોર્સ
300+ જ્વેલરી શૉપ્સ
05 મૉલ્સ
50%* સુધીનું ડિસ્કાઉન્ટ
ખરીદો અને જીતો
મેગા પ્રાઈઝીસ
મહોત્સવના લકી ડ્રૉમાં જોડાઓ અને આકર્ષક ઇનામો જીતો
ફેસ્ટિવલમાં જોડાવવા માટે
www.ahmedabadshoppingfestival2024.com
વિઝીટ કરો, તમારી માહિતી ભરો, વિશિષ્ટ QR કોડ મેળવો
અને ફેસ્ટિવલની સ્પેશિયલ ઑફર અનલૉક કરો.
વેબસાઈટ માટે
QR કોડ સ્કૅન કરો
*શરતો લાગુ. ઑફર્સ મર્યાદિત સમય અને ફક્ત પાર્ટનર સ્ટોર્સ પર ઉપલબ્ધ છે. પૂર્વ સૂચના વિના ઑફર્સમાં ફેરફાર થઈ શકે છે.